RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૦ | બુધવાર તા.૦૪-૧૧-૨૦૨૬ | અંક : ૧૧૪ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

અમેરિકામાં ટ્રમ્પને મિડટર્મ ચૂંટણીમાં ઝટકો, ડેમોક્રેટ્સનો પ્રચંડ વિજય

રિપબ્લિકનના પરંપરાગત ગઢમાં ડેમોક્રેટ્સે પાડ્યું ગાબડું; હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ પર મેળવ્યું નિયંત્રણ, ટ્રમ્પના એજન્ડાને બ્રેક લાગવાના સંકેત

વોશિંગટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળ બાદ યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓના પ્રારંભિક પરિણામો અને ટ્રેન્ડ્સે વોશિંગ્ટનના રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે.

તમામ પૂર્વ-ચૂંટણી સર્વેના અંદાજો સાચા ઠેરવતા ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં ભારે ગાબડું પાડ્યું છે.

સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ બંનેમાં ડેમોક્રેટ્સે મોટો ઉછાળો માર્યો છે. આ ચૂંટણીમાં ભારતીય સમુદાય માટે



પણ મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં ફ્લોરિડાથી ભારતીય મૂળના ડેમોક્રેટ ઉમેદવાર પિયા ડાંડિયા અને વર્જિનિયાથી સુહાસ સુબ્રમણ્યમ વિજેતા બન્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના મધ્યસત્રના ચૂંટણીના પરિણામમાં હાર સ્વીકારવા તૈયારી બતાવી દીધી છે. આ સાથે તેમણે સવાલો ઊઠાવતા કહ્યું કે બેલેટ પેપર પર મારું નામ હોત તો કદાચ અમે ભારે બહુમતથી ચૂંટણી જીતી ગયા હોત. જોકે હું હાર સ્વીકારીને ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરવા તૈયાર છું. ઉલ્લેખનીય છે કે આ હારથી ટ્રમ્પને હવે મોટો ઝટકો લાગશે અને તે યુદ્ધમાં બેફામ નિર્ણયો લેતા અટકી શકે છે.

ઓહિયો ગવર્નર પદની રેસમાં ભારતીય મૂળના વિવેક રામાસ્વામી હારી ગયા છે. ડેમોક્રેટ એમી એક્ટને રિપબ્લિકન નેતા વિવેકને હરાવી દીધા છે. અમેરિકાના મિડટર્મ ચૂંટણી પરિણામોમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. સીએનએનના અંદાજ મુજબ, ડેમોક્રેટિક પાર્ટીએ સત્તાધારી રિપબ્લિકન પાર્ટીને માત આપીને સંસદના નિચલા સદન 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' પર નિયંત્રણ મેળવી લીધું છે. આ પરિણામથી અમેરિકાના રાજકારણમાં સત્તાનું સંતુલન બદલાશે અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પોતાના એજન્ડા અને નીતિઓ આગળ ધપાવવા મોટા પડકારો ઉભા થશે.અમેરિકામાં ટ્રમ્પની પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ રિપબ્લિકન પક્ષ પાસેથી સાઉથ કેરોલિનાની સીનેટ સીટ છીનવી લીધી છે. છેલ્લા ત્રણ દાયકાથી આ સીટ સ્વર્ગસ્થ સાંસદ લિન્ડસે ગ્રેહામ પાસે હતી, જ્યાં હવે ડેમોક્રેટિક પાર્ટીના એની એન્ડ્રુઝે જીત હાસિલ કરી છે.

જ્યોર્જિય, ફ્લોરિડામાં ઈતિહાસ રચાયો, અશ્વેત ગવર્નર ચૂંટાયા

અમેરિકાની ચૂંટણીમાં ઐતિહાસિક પરિણામો સામે આવ્યા છે. ડેમોક્રેટિક ઉમેદવાર કીશા લાન્સ બોટમ્સ અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર બનવા જઈ રહ્યા છે. બીજી તરફ, ફ્લોરિડામાં રિપબ્લિકન સાંસદ બાયરન ડોનાલ્ડ્સે ગવર્નરની ચૂંટણી જીતી લીધી છે, જેઓ ફ્લોરિડાના પ્રથમ અશ્વેત ગવર્નર બનશે. આ બંને પરિણામોને અમેરિકી રાજકારણમાં મોટા ઐતિહાસિક બદલાવ તરીકે જોવામાં આવી રહ્યા છે.

ભારતીય મૂળના પિયા ડાંડિય, સુહાસ સુબ્રમણ્યમનો થયો ઐતિહાસિક વિજય

ડેમોક્રેટિક પક્ષના ભારતીય મૂળના ઉમેદવાર પિયા ડાંડિયાએ ફ્લોરિડાની ૨૨મી કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી શાનદાર વિજય મેળવ્યો છે. ફ્લોરિડા જેવા રિપબ્લિકન પ્રભુત્વ ધરાવતા રાજ્યમાં તેમની જીતને ડેમોક્રેટ્સ માટે મોટો વિજય માનવામાં આવે છે. આ ઉપરાંત વર્જિનિયાના ૧૦મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી પૂર્વ પ્રમુખ બરાક ઓબામાના વરિષ્ઠ સલાહકાર રહી ચૂકેલા ૪૦ વર્ષીય સુહાસ સુબ્રમણ્યમે ફરી એકવાર વિજયી પતાકા લહેરાવી છે. તેમણે ૬૧.૫% મત મેળવીને રિપબ્લિકન ડેવ બેકવિથ (૩૬.૪%) ને ધૂળ ચાટતા કર્યા હતા.

નિશાનબાજોની ત્રિપુટીએ ભારતને વર્લ્ડ ચેમ્પિયન બનાવ્યું, ચીનના શૂટર્સને ગોલ્ડ ન જીતવા દીધો

દોહા,

કતારના દોહા શહેરમાં આયોજિત નિશાનબાજીની આઇએસએસએફ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતના શૂટર્સની ત્રિપુટીએ કમાલ કરી છે. તેમણે મંગળવારે ચીનના હરીફોને પાછળ રાખીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

ભારતીય ટીમે ૫૦ મીટર પિસ્તોલ ઇવેન્ટમાં કુલ ૧,૬૫૯ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો. ભારતીય ટીમમાં રવિન્દર સિંહ, સૌરભ ચૌધરી અને અમનપ્રીત સિંહનો સમાવેશ હતો. આ ત્રણેયમાં રવિન્દરે સૌથી વધુ ૫૫૯ પોઇન્ટ મેળવ્યા હતા, જ્યારે સૌરભના નામે ૫૫૧ અને અમનપ્રીતના નામે ૫૪૯ પોઇન્ટ હતા. આ ત્રણેયના પોઇન્ટનો સરવાળો ભારતને સુવર્ણચંદ્રક અપાવવા માટે પૂરતો હતો.ચીનના ઝાન્ગ બિન્ગચેન, લ્યુ જુન્યી અને ફેન્ગ લિન્ગલેન્ગની ત્રિપુટી કુલ ૧,૬૪૮ પોઇન્ટ



નોંધાવી શકી હતી અને ચીને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. સાઉથ કોરિયા ૧,૬૪૩ પોઇન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યું હતું.વ્યક્તિગત હરીફાઈમાં રવિન્દર સિંહ સિલ્વર મેડલ પણ જીત્યો હતો. એ ઇવેન્ટમાં રશિયાનો એન્ટોન એરિસ્તારખોફ ગોલ્ડ મેડલ અને રોમાનિયાનો લ્યૂકા જૉલ્ડીયા બ્રોન્ઝ જીત્યો હતો.ભારત હાલમાં વિશ્વના ટોચના નિશાનબાજોની આ સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર મેડલ સાથે મોખરે છે.

તહેરાનમાં ટ્રમ્પ વિરુદ્ધ ધમકીભર્યા બેનરો લાગ્યા

ઈરાનમાં સરકારના સમર્થનથી યોજાતા પ્રદર્શનોમાં પણ ખામેનેઈના મોતનો બદલો લેવાની માગ ઊઠી

તહેરાન,

ઈરાનની રાજધાની તેહરાનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ ધમકીભર્યા હોર્ડિંગ્સ અને પેઇન્ટિંગ્સ લગાવવામાં આવ્યાં છે. એક હોર્ડિંગ પર સ્પષ્ટ શબ્દોમાં લખવામાં આવ્યું છે કે, 'અમે ટ્રમ્પને મારી નાખીશું.' અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે ઈરાનમાં ટ્રમ્પ વિરુદ્ધ આ પ્રકારનાં પ્રદર્શનો સામે આવ્યાં છે. ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના મોત બાદ ટ્રમ્પ વિરુદ્ધનો વિરોધ વધુ તીવ્ર બન્યો છે. તેહરાનના વ્યસ્ત એન્ગેલાબ સ્ક્વેર પર લગાવવામાં આવેલા એક હોર્ડિંગમાં ટ્રમ્પને જેલના



સળિયા પાછળ માથું ઝુકાવીને ઊભેલા દર્શાવવામાં આવ્યા છે. આ માધ્યમથી ઈરાને અમેરિકાના પ્રમુખ વિરુદ્ધ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. ઈરાનમાં સરકારના સમર્થનથી યોજાતા પ્રદર્શનોમાં પણ ખામેનેઈના મોતનો બદલો લેવાની માગ ઊઠી રહી છે. તેહરાનમાં લગાવવામાં આવેલા અન્ય એક હોર્ડિંગમાં ટ્રમ્પની સાથે અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ, અમેરિકાના વિદેશદૂત સ્ટીવ વિટકોફ અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને દર્શાવવામાં આવ્યા છે. ચારેયના ચહેરા લોહીથી ખરડાયેલા અને કપડાં ફાટેલી હાલતમાં બતાવવામાં આવ્યા છે. પૃષ્ઠભૂમિમાં અમેરિકા અને ઇઝરાયલના ક્ષતિગ્રસ્ત ધ્વજ પણ દર્શાવાયા છે. આ હોર્ડિંગ્સ દ્વારા ખામેનેઈના મોતનો બદલો લેવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

તેહરાનના ઉત્તરી વિસ્તારમાં આવેલા તજરીશ સ્ક્વેરમાં ખુલ્લું પ્રદર્શન યોજીને ટ્રમ્પ વિરોધી અભિયાનને આગળ વધારવામાં આવ્યું છે. અહીં મૂકવામાં આવેલી કેટલીક પેઇન્ટિંગ્સમાં ટ્રમ્પને અપમાનજનક અને હિંસક સ્થિતિમાં દર્શાવવામાં આવ્યા છે. એક પેઇન્ટિંગમાં ટ્રમ્પ જમીન પર પડેલા છે અને તેમનો ચહેરો લોહીથી ખરડાયેલો છે. અન્ય એક પેઇન્ટિંગમાં બોમ્બથી તેમનો ચહેરો ઢંકાયેલો દર્શાવવામાં આવ્યો છે. આ પ્રદર્શનની નજીક જેલની કોટડીની પ્રતિકૃતિ પણ બનાવવામાં આવી છે. તેમાં ટ્રમ્પ જેવા દેખાતા એક અભિનેતાને આખો દિવસ રાખવામાં આવે છે. તેની બાજુમાં આવેલી સ્ક્રીન પર ઈરાનમાં અમેરિકાના હુમલાથી થયેલી તબાહીનાં દશ્યો દર્શાવવામાં આવે છે.

રાજસ્થાનમાં રેલવે ટ્રેક પર બ્લાસ્ટ, ટ્રેન ઉથલાવવાનું કાવતરું?

બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે સિમેન્ટના સ્લીપરનો સળિયો બહાર આવી ગયો, ટ્રેન પસાર થયાની થોડી જ મિનિટોમાં બ્લાસ્ટ થયો

શ્રીગંગાનગર,

રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં અનૂપગઢ-સૂરતગઢ રેલવે લાઇન પર મંગળવારે એક મોટો ધડાકો થતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. અનૂપગઢથી બઠિંડા જઈ રહેલી પેસેન્જર ટ્રેનને ટાર્ગેટ કરીને ઉડાવી દેવાનું મોટું ષડયંત્ર ઘડાયું હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગામ ૫૦ જીબી નજીક રેલવે ટ્રેક પર આ બ્લાસ્ટ ટ્રેન પસાર થયાની થોડી જ મિનિટો બાદ થયો હતો, જેના કારણે ટ્રેનમાં સવાર અસંખ્ય મુસાફરોનો આબાદ બચાવ થયો છે.



સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે રેલવે ટ્રેકની નીચે લગાવેલા ૨ થી ૩ સિમેન્ટના સ્લીપર પિલર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા. ધડાકાના કારણે પિલરની અંદર રહેલા લોખંડના સળિયા બહાર ફેંકાઈ ગયા હતા અને રેલવે લાઇનને પકડી રાખતા ક્લિપર પણ ટ્રેકથી અલગ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ શ્રીગંગાનગરના એસપી હરિ શંકર ઉચ્ચ પોલીસ કાફલા સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરની ટીમોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરીને નમૂના તથા પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવી છે. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ આ કોઈ આતંકી ષડયંત્ર કે તોડફોડનો પ્રયાસ છે કે કેમ તે દિશામાં સઘન તપાસ ચલાવી રહી છે.

કાશ્મીરના રાજકારણમાં સર્જાયો ભૂકંપ: એનસીમાં ખટરાગ ફેલાયો, રુહુલ્લાહે પાર્ટીને અલવિદા કહ્યું

સમર્થકોના વિશાળ મેળાવડા સામે સ્ટેજ પરથી જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સમાંથી વિદાયની જાહેરાત કરી

શ્રીનગર,

સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મેહદીએ સમર્થકોના વિશાળ મેળાવડા સામે સ્ટેજ પરથી જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સમાંથી વિદાયની જાહેરાત કરી. તેમણે જણાવ્યું કે તેઓ હવે પાર્ટીનો ભાગ નથી અને નેશનલ કોન્ફરન્સથી પોતાને અલગ કરી રહ્યા છે.સભા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં રુહુલ્લાહે કહ્યું, "હું અહીં આવવા બદલ તમારા બધાનો આભારી છું. અહીંનો હેતુ ખુરશી સંભાળવાનો નહોતો, પરંતુ તેમાંથી રાજીનામું આપવાનો હતો." તેમણે કહ્યું કે બપોરે ૨:૪૦ વાગ્યા સુધી તેઓ નેશનલ કોન્ફરન્સનો ભાગ હતા, પરંતુ હવે તેઓ પાર્ટીથી મુક્ત થઈ રહ્યા છે. આ જાહેરાત બાદ, સભામાં હાજર સમર્થકોએ સૂત્રોચ્ચાર કર્યા. લોકોએ પોતાનો ટેકો વ્યક્ત કરવા માટે "વાઘ, વાઘ, રુહુલ્લાહ વાઘ" ના નારા લગાવ્યા.

રુહુલ્લાહે મોહમ્મદ અશરફ મટ્ટુને પોતાનું રાજીનામું સોંપ્યું અને તેમને સંબંધિત લોકો સુધી પહોંચાડવા કહ્યું. ૨૦૧૦ માં શ્રીનગરના ડાઉનટાઉનમાં પોલીસ ગોળીબારમાં અશરફ મટ્ટુનો પુત્ર, તુફૈલ મટ્ટુનું મોત થયું હતું.

નવ વર્ષનો છોકરો પણ રુહુલ્લાહના સમર્થનમાં એક પ્લેકાર્ડ લઈને પહોંચ્યો. ત્રીજા ધોરણનો વિદ્યાર્થી દયામ રઝા એક પ્લેકાર્ડ લઈને આવ્યો હતો જેના પર ઉર્દૂમાં "વચન ખુરશી કરતા મોટું છે" લખ્યું હતું. તે શ્રીનગરના હરવાન વિસ્તારથી તેના પિતા અને દાદા સાથે અહીં આવ્યો હતો. બાળકે રુહુલ્લાહને એક પ્રામાણિક અને સારા નેતા તરીકે વર્ણવ્યા અને તેમના માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો. તેમના દાદા, મોહમ્મદ રફીકે કહ્યું કે રુહુલ્લાહ લોકોનો અવાજ ઉઠાવે છે અને સત્ય બોલવાની હિંમત ધરાવે છે.

પાકિસ્તાનથી ડ્રોન મારફતે હથિયારો મોકલવાનું મોટું કાવતરું નિષ્ફળ, પંજાબમાં ૧૧ આરોપીઓની ધરપકડ

૨ હેન્ડ ગ્રેનેડ, ૧૨ પિસ્તોલ, ૩૩ કારતૂસ અને ૩૧૦ ગ્રામ હેરોઈન મળી આવ્યું ,વિદેશમાં બેઠેલા ગેંગસ્ટર સાથે સંપર્ક હોવાનો દાવો

અમૃતસર,

અમૃતસરમાં કમિશ્નરેટ પોલીસે હથિયારો અને નશીલા પદાર્થોની હેરાફેરી હરતા એક કથિત નેટવર્કનો પર્દાફાશ કરીને ૧૧ લોકોની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૨ હેન્ડ ગ્રેનેડ, ૧૨ પિસ્તોલ, ૩૩ કારતૂસ અને ૩૧૦ ગ્રામ હેરોઈન મળી આવ્યું છે.

આ ઉપરાંત, ૧૨ મેગેઝીન અને ચોરીની એક મોટરસાઇકલ પણ જપ્ત કરવામાં આવી છે. રણજીત એવન્યુ, છેહરટા અને સુલ્તાનવિંડ વિસ્તારમાં હાથ ધરાયેલી કાર્યવાહીમાં પકડાયેલા ૧૧ આરોપીઓમાં બે સગીર પણ સામેલ છે.



પોલીસ લાઇન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પોલીસ કમિશનર હરમનબીર સિંહ ગિલ, DCP પ્રભજોત સિંહ વિર્ક અને DCP જસરનજીત સિંહ તેજાએ આરોપીઓની ઓળખ જાહેર કરી હતી. પકડાયેલા લોકોમાં નવી આબાદીની નિરંકારી કોલોનીનો બોબી, તરનતારન જિલ્લાના ચીમા ખુર્દ ગામનો સંયાલ સિંહ, રતન સિંહ ચોકનો સતમોલ સિંહ ઉર્ફે ઠેકેદાર, છેહરટાના નારાયણગઢનો હરપ્રીત સિંહ ઉર્ફે હેપ્પી ભૂંડી, આકાશદીપ સિંહ, આકાશદીપ સિંહ ઉર્ફે આકાશ, ભીખીવિંડનો શમશેર સિંહ ઉર્ફે શેરામ, જનડિયાળા ગુરુનો વિશાલ સિંહ ઉર્ફે કાલુ અને ભીખીવિંડનો ગુરબીર સિંહ ઉર્ફે બિલ્લા સામેલ છે. આ ઉપરાંત બે સગીરોની પણ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ કમિશનરે જણાવ્યું કે બોબી, સમતોલ સિંહ , હરપ્રીત સિંહ, આકાશદીપ સિંહ, આકાશ, વિશાળ સિંહ અને ગુરબીર સિંહના નામે અગાઉ પણ હેરોઈનની તસ્કરી અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધાયેલા છે. પોલીસ પૂછપરછમાં આરોપીઓએ કબૂલ્યું હોવાનો દાવો છે કે વિદેશમાં બેઠેલા કુખ્યાત ગેંગસ્ટર હરમનપ્રીત સિંહ ઉર્ફે હેપ્પી જટ અને દુબઈમાં રહેતા હેરોઈન તસ્કર કરણે પંજાબના ગુનેગારો સુધી પહોંચાડવા માટે આ હથિયારો અને નશીલા પદાર્થોનો જથ્થો મોકલ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર પાકિસ્તાની તસ્કરોએ ડ્રોન મારફતે અટારી સેક્ટરમાં આ હથિયારો અને નશીલા પદાર્થોનો જથ્થો પાડ્યો હતો. જે આરોપીઓએ આ જથ્થો કબજે કરીને આગળ પહોંચાડવાનો હતો.

મિઝોરમમાં મોડી રાત્રીના આવ્યો ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ભૂકંપનું કેન્દ્ર જમીનમાં ૨૪ કિમી નીચે નોંધાયું, લોકોમાં ભય

નવી દિલ્હી,

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં અત્યારે ભૂકંપની ઘટનાઓ સતત વધી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં અલગ અલગ દેશોમાં આવેલા ભૂકંપના કારણે હજારો લોકોએ પોતાના જીવ ગુમાવ્યો છે. ભારતમાં પણ કેટલાક સમયથી અલગ અલગ રાજ્યોમાં ધરા ધ્રુજી રહી છે. તેવામાં અત્યારે મિઝોરમમાં ભૂકંપ આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ ભૂકંપના કારણે કોઈ જાનહાનિ નથી, તેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ ભૂકંપની જાણકારી આપવામાં આવી છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું કે, મંગળવારે રાત્રે મિઝોરમના ચંફાઈ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. મિઝોરમમાં આવેલા આ ભૂકંપની રિક્ટર સ્કેલ પર ૩.૭ની તીવ્રતા નોંધાઈ હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યાં પ્રમાણે આ ભૂકંપ મંગળવારે રાત્રે ૧૧.૪૫ વાગ્યે આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર જમીનમાં ૨૪ કિમી નીચે નોંધાયું હતું. નજીવા ભૂકંપના આંચકાના કારણે કોઈ જાનહાનિ નથી થઈ પરંતુ લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ભારતમાં આવેલા અન્ય ભૂકંપની વાત કરીએ તો, શુક્રવારે જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. વહેલી સવારે આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૬ની નોંધાઈ હતી. લોકો સવારે પોતાના ઘરોમાં સુઈ રહ્યાં હતા, ત્યારે આ ભૂકંપ આવતા સત્વરે તેઓ ઘરની બહાર દોડી આવ્યાં હતાં. ભૂકંપની તીવ્રતા વધારે નહોતી પરંતુ ધરતી ધુર્જી તેનો અહેસાસ થયા લોકો ડરીને ઘરની બહાર દોડી આવ્યાં હતાં.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા સલીમ ડોલાની ધરપકડ

વર્ષ ૨૦૨૨ના કરોડો રૂપિયાના સિન્થેટિક ડ્રગ્સ કેસમાં લાંબા સમયથી વોન્ટેડ હતો : લાંબી ટેક્નિકલ, ડિપ્લોમેટિક અને કાયદાકીય પ્રક્રિયા બાદ ગુજરાત એટીએસને મળી સફળતા

અમદાવાદ,

ગુજરાત એટીએસને એક મોટી સફળતા હાથ લાગી છે. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર સલીમ ઈસ્માઈલ ડોલાની કસ્ટડી મેળવવામાં ગુજરાત એટીએસ સફળ રહી છે. વર્ષ ૨૦૨૨ના કરોડો રૂપિયાના સિન્થેટિક ડ્રગ્સ કેસમાં આરોપી લાંબા સમયથી વોન્ટેડ હતો.

આ ઘટના વિશે વાત કરીએ તો વર્ષ ૨૦૨૨ દરમિયાન ગુજરાત



છૂજીએ ચોક્કસ બાતમીના આધારે વડોદરા નજીક આવેલા સિંધરોટ ગામમાં એક દરોડા પાડ્યા હતા. આ કામગીરી દરમિયાન ગેરકાયદેસર રીતે ધમધમતી મેફેડ્રોન (એમડી ડ્રગ્સ) બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ થયો હતો. ઘટના સ્થળેથી આશરે ૮૭.૭૨૮ કિલોગ્રામ જેટલો એમડી ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડો રૂપિયા આંકવામાં આવી હતી. બીજી બાજુ ગુજરાત એટીએસની રેડ દરમિયાન સ્થાનિક પ્યાદાઓ ઝડપાઈ ગયા હતા, પરંતુ આ સમગ્ર નેટવર્કનો મુખ્ય માફિયા સલીમ ડોલા ફરાર થવામાં સફળ રહ્યો હતો.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાગરિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર સલીમ ઈસ્માઈલ ડોલા ભારતની વિવિધ તપાસ એજન્સીઓ માટે માથાનો દુખાવો બન્યો હતો. ગુજરાત એટીએસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને કેન્દ્રીય એજન્સી દ્વારા તપાસમાં સામે આવ્યું હતું કે તે કરોડો રૂપિયાના સિન્થેટિક ડ્રગ્સ રેકેટનો મુખ્ય ષડયંત્રકારી હતો. ભારતમાંથી ફરાર થયા બાદ તે દુબઈ અને અન્ય ખાડી દેશોમાં છુપાઈને રહેતો હતો. ત્યાંથી જ તે ભારતમાં ડ્રગ્સ ઘૂસાડવાનું આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ ચલાવતો હતો. ડ્રગ્સના કાળા કારોબારમાંથી કમાયેલા કરોડો રૂપિયાને તે હવાલા નેટવર્ક દ્વારા ટ્રાન્સફર કરતો અને વિવિધ ક્ષેત્રોમાં બેનામી રોકાણ કરતો હતો.

શિક્ષિત અને યુવા ચહેરા રૂપસિંહ ઠાકોરને મેયર બનાવીને ભાજપે ઠાકોર સમાજના પ્રભુત્વને અગ્રતા આપી

ડેપ્યુટી મેયર તરીકે અંજના સુરેશ મહેતા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે મહેન્દ્ર પટેલ દાસની સાથે ૧૨ સભ્યોની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાતમાં ગાંધીનગર કોંગ્રેસ પાસેથી કબજે કરતાં ભાજપને આંખે પાણી આવ્યા છે. અનેક નેતાઓની તડજોડ અને જ્ઞાતિ સમીકરણો ગોઠવીને ભાજપે ગાંધીનગરનો કિલ્લો હાંસલ કર્યો છે. ગાંધીનગર એ ગુજરાતની રાજધાની હોવાથી ભાજપ સત્તારૂઢ હોવું એ પણ જરૂરી છે. આજે ગાંધીનગર મનપાના સત્તાધિશોની જાહેરાત થઈ છે. જેમાં રૂપસિંહ ઠાકોરને મેયર બનાવાયા છે. ડેપ્યુટી મેયર તરીકે અંજના સુરેશ મહેતા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે મહેન્દ્ર પટેલ દાસની સાથે ૧૨ સભ્યોની જાહેરાત કરાઈ છે.

ભાજપે આ જાહેરાતમાં ઠાકોર, બ્રાહ્મણ અને પાટીદાર સમાજને સાચવ્યો છે. ગાંધીનગરના ખજાનાની ચાવી પાટીદારને સોંપી પાટીદાર



સમાજને પણ નારાજ કર્યો છે.

ગાંધીનગરનું કાસ્ટ ફેક્ટર સમજીએ તો શહેરી મતદારોમાં પાટીદારોનું તો ગ્રામીણમાં આજે પણ ઠાકોર સમાજનો દબદબો છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતનમાં વધારો

દૈનિક મહત્તમ માનદ વેતન રૂ. ૧,૦૮૦ અને માસિક મહત્તમ મર્યાદા વધારી રૂ.૨૮,૦૮૦ કરાઈ

ગાંધીનગર,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે રાજ્યની સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (જે)માં તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી અને કૌશલ્યલક્ષી તાલીમ આપવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપતા પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના હિતમાં સંવેદનશીલ નિર્ણય લીધો છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતનના દરોમાં નોંધપાત્ર વધારો કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી તાલીમ ક્ષેત્રે કાર્યરત પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોને આર્થિક લાભ મળવાની સાથે તેમની સેવાઓને વધુ પ્રોત્સાહન મળશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ રાજ્ય મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાના નેતૃત્વમાં લેવામાં આવેલા આ નિર્ણય અનુસાર પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના પ્રતિ કલાક માનદ વેતનના દરમાં રૂ. ૯૦ થી વધારો કરીને રૂ. ૧૮૦ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, દૈનિક મહત્તમ માનદ વેતનની મર્યાદા રૂ. ૫૪૦ થી વધારીને રૂ. ૧,૦૮૦ કરવામાં આવી છે. જ્યારે માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદામાં પણ બમણો વધારો કરીને રૂ. ૧૪,૦૪૦ થી વધારીને રૂ. ૨૮,૦૮૦ કરવામાં આવી છે.

ગ્રાહકો સાથે વજન-માપમાં છેતરપિંડી રોકવા રાજ્યમાં ૧,૫૯૭ એકમોની તપાસ, ૮૬૦ એકમો સામે દંડાત્મક કાર્યવાહી

કાનૂની માપવિજ્ઞાન તંત્રની રાજ્યમાં સઘન કાર્યવાહી: મીઠાઈ, ફરસાણ અને ડ્રાયફ્રુટની દુકાનો-મોલ્સમાંથી રૂ. ૨૦ લાખથી વધુની માંડવાળ ફી વસૂલાઈ

અમદાવાદ,

નવરાત્રી-દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન ગ્રાહકો મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ્સની ખરીદી મોટા પ્રમાણમાં કરતા હોય છે. આ ખરીદીમાં ગ્રાહકોને વજનમાં ઓછું આપવા કે છેતરવાના બનાવો ન બને તથા ગ્રાહકો તેમના અધિકારો પ્રત્યે જાગૃત રહે તે હેતુસર ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા રાજ્યવ્યાપી તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

તંત્ર દ્વારા નવરાત્રી-દશેરાના તહેવારો દરમિયાન તા. ૧૧ થી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ અને દિવાળીના તહેવારો દરમિયાન તા. ૨૮ થી ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન આ વિશેષ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞ દરમિયાન રાજ્યભરની ૧,૫૯૭ જેટલી મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટની દુકાનો, હોલસેલ વેપારીઓ, સુપરમાર્કેટ અને મોલ વગેરે પર સામુહિક તપાસણી હાથ ધરવામાં આવી હતી. તપાસણી દરમિયાન કાયદા અને નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા કુલ ૮૬૦ એકમો સામે ગુનાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે, અને દંડ સ્વરૂપે રૂ. ૨૦,૨૩,૮૦૦/- ની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે.

તપાસ દરમિયાન મુખ્યત્વે વજનમાં ઓછું આપવું, વજનકાંટાનું ફેરચકાસણી/મુદ્રાંકન ન કરાવવું, પી.સી.આર. નિયમો હેઠળ ઉત્પાદક-પેકર રજીસ્ટ્રેશન ન કરાવવું તેમજ એમ.આર.પી. કરતાં વધુ ભાવ વસૂલવા જેવી ગેરરીતિઓ સામે આવી હતી. જેમાં ચકાસણી-મુદ્રાંકન/ફેર ચકાસણી-મુદ્રાંકન ન કરાવવા બાબતના ૫૧૫ કેસમાંથી રૂ. ૬,૬૧,૩૦૦/- વસૂલ કરાયા છે. તે જ રીતે, પેકર રજીસ્ટ્રેશન ન કરાવવા બાબતના ૬૯ કેસમાં રૂ. ૫,૦૮,૦૦૦/-, અન્ય પ્રકારની ગેરરીતિના ૧૪૫ કેસમાં રૂ. ૩,૪૬,૫૦૦/-, વજન કે માપ ઓછું આપવા બાબતના ૯૫ કેસમાં રૂ. ૩,૧૩,૦૦૦/- અને એમ.આર.પી. કરતા વધુ ભાવ વસૂલવા કે ચેકચાક કરવા બાબતના ૩૬ કેસમાં રૂ. ૧,૯૫,૦૦૦/- ની માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે. કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા તહેવારોના સમયગાળામાં ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા અને વજન-માપમાં પારદર્શિતા જાળવવા આ સઘન પ્રયાસો કરવામાં આવ્યા છે.

સુરતની લાજપોર જેલમાં હત્યાના આરોપીનો સજા ફટકાર્યાના બીજા જ દિવસે ગળે ફાંસો ખાઈ આપઘાત

સુરત,

સુરત શહેરની મધ્યસ્થ લાજપોર જેલમાંથી એક ગંભીર ઘટના સામે આવી છે, જ્યાં હત્યાના ગુનામાં સંડોવાયેલા ૩૭ વર્ષીય કેદી શંભુલાલ આડાને અદાલત દ્વારા હત્યાના કેસમાં સજા ફટકારવામાં આવી હતી. ત્યારબાદ જેલના બાથરૂમમાં તેનો મૃતદેહ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

આ સમગ્ર ઘટના અંગે તાત્કાલિક સ્થાનિક પોલીસ તંત્રને જાણ કરવામાં આવી હતી. આ બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને સચિન પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સચિન પોલીસે લાજપોર જેલમાં પહોંચીને પંચનામા સહિતની



પ્રાથમિક તપાસની કાર્યવાહી શરૂ કરી હતી.

આ દરમિયાન પોલીસે આપઘાત કરનાર કેદી ના મૃતદેહને તાત્કાલિક નીચે ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી શરુ કરી હતી.

આરોપીએ કયા સંજોગોમાં આ પગલું ભર્યું તે અંગે હાલ સ્પષ્ટતા થઈ નથી. સચિન પોલીસે બનાવ અંગે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદમાં એપીકે ફાઈલ ઈન્સ્ટોલ કરતાની સાથે રાણીપના યુવકના ખાતામાંથી ૯.૪૮ લાખ ગાયબ

રાણીપના યુવકે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

અમદાવાદ,

અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતા ૨૯ વર્ષીય યુવક સાથે સાયબર ઠગાઈની ઘટના સામે આવી છે. હેકરે યુવકના મોબાઈલમાં લવ ચેટ એપીકે નામની શંકાસ્પદ ફાઈલ ઈન્સ્ટોલ કરાવી ફોનનો એક્સેસ મેળવી લીધો હતો. ત્યારબાદ બેંક સંબંધિત માહિતીનો ઉપયોગ કરીને પે પેમેન્ટ ગેટવે મારફતે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા તેના ખાતામાંથી કુલ ૯.૪૮ લાખથી વધુની રકમ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધી હતી. આ મામલે યુવકે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, રાણીપમાં રહેતા અને મોબાઈલ



સ્ટોરમાં નોકરી કરતા ૨૯ વર્ષીય રાજ જિતેન્દ્રકુમાર શેઠને ૩૧ ઓક્ટોબરના રોજ અજાણ્યા નંબર પરથી ટેક્સ્ટ મેસેજ મળ્યો હતો. આ મેસેજ મારફતે તેમને લવ ચેટ એપીકે નામની ફાઈલ ઈન્સ્ટોલ કરાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ, ફાઈલ ઈન્સ્ટોલ થયા બાદ હેકરે તેમના મોબાઈલનો એક્સેસ મેળવી બેંક એકાઉન્ટ અને પાસવર્ડ સહિતની માહિતી મેળવી લીધી હતી. મોબાઈલનો એક્સેસ મેળવ્યા બાદ પેમેન્ટ ગેટવેનો ઉપયોગ કરીને અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કર્યા હતા. આ રીતે રાજ શેઠના બેંક ખાતામાંથી કુલ ૯,૪૮,૪૯૩.૮૩ની રકમ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી.

૧ નવેમ્બરના રોજ રાજ શેઠે પોતાની મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એપ્લિકેશન શરૂ થઈ નહોતી. ત્યારબાદ તેમણે નવો પાસવર્ડ સેટ કરીને ફરીથી લોગિન કરતાં ખાતામાંથી મોટી રકમ કપાઈ ગયાનું ધ્યાનમાં આવ્યું હતું. વધુ તપાસ દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે ૩૧ ઓક્ટોબરના રોજ તેમના મોબાઈલ પર આધાર ઓટીપીનો મેસેજ પણ આવ્યો હતો.

ડાંગની 'ગોલ્ડન ગર્લ' સરિતા ગાયકવાડ સાથે ૬૯ લાખની છેતરપિંડી

અમદાવાદ,

એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને દેશનું નામ રોશન કરનાર ડાંગની 'ગોલ્ડન ગર્લ' સરિતા ગાયકવાડ સાથે લાખો રૂપિયાની કથિત નાણાકીય છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. રેતીના વેપારમાં રોકાણ કરાવી દર મહિને ચાર ટકા નફો આપવાની લાલચ આપી તેમની પાસેથી કુલ ?૬૯,૧૦,૦૫૬ મેળવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે તાપી જિલ્લાના વ્યારા તાલુકાના નિતિનભાઈ ભારતી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સરિતા ગાયકવાડના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં તેમને માત્ર ?૧.૮૦ લાખ જ પરત મળ્યા છે. જ્યારે બાકીના



૬૭,૩૦,૦૫૬ હજુ પરત મળવાના બાકી છે.

સરિતા ગાયકવાડે પોતાની બાકી રકમ પરત અપાવવા તેમજ જવાબદાર વ્યક્તિ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પોતાની ફસાયેલી રકમ પરત મેળવવા અને સમગ્ર મામલે ન્યાય મેળવવા તેઓ આહવા જીંય સમક્ષ પહોંચ્યાં હતાં અને ફરીથી પોતાનું નિવેદન નોંધાવ્યું હતું.

મહેસાણાના ગમાનપુરામાં મહિલા સરપંચ અને મહિલા તલાટી એક લાખની લાંચ લેતા ઝડપાયા

પંચાયત વિસ્તારમાં બાંધકામની મંજૂરી આપવા માટે કરી હતી લાંચની માગણી

મહેસાણા,

રાજ્યમાં ભ્રષ્ટાચારને ડામવા માટે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા સતત સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે, છતાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને પદાધિકારીઓ પોતાની મનમાની ચલાવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો મહેસાણા જિલ્લાના ગમાનપુરા ગ્રામ પંચાયતમાંથી સામે આવ્યો છે. ગમાનપુરા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ અને મહિલા તલાટી કમ મંત્રી એક જાગૃત નાગરિક પાસેથી બાંધકામની મંજૂરી આપવાના અવેજ પેટે રૂ. ૧,૦૦,૦૦૦ની લાંચ લેતા એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લાના પંચાયત આલમમાં અને સરકારી કચેરીઓમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ કેસના ફરિયાદી એક જાગૃત નાગરિક છે, જેમણે મહેસાણા જિલ્લાના ગમાનપુરા ગામ ખાતે વોટર ટ્રીટમેન્ટ કેમિકલનું ઉત્પાદન યુનિટ શરૂ કરેલું છે. સમય જતાં તેમના ધંધામાં વિકાસ થતાં અને વધુ ઉત્પાદનની જરૂરિયાત ઊભી થતાં, ફરિયાદીએ પોતાની માલિકીની અન્ય એક જમીનને બિનખેતી કરાવી હતી. આ નવી બિનખેતી થયેલી જગ્યા પર નવું બાંધકામ કરવા માટે કાયદેસરની પરવાનગી મેળવવી જરૂરી હોવાથી, તેમણે ગમાનપુરા ગ્રામ પંચાયત કચેરી ખાતે બાંધકામની મંજૂરી માટે વિધિવત અરજી કરી હતી.

આ અરજીના અનુસંધાને બાંધકામની પરવાનગી આપવા માટે ગમાનપુરા ગ્રામ પંચાયતના સરપંચ મણીબેન મહેન્દ્રજી ઠાકોર (ઉ.વ. ૪૬) અને તલાટી કમ મંત્રી વર્ગ-૩ દીપ્તીબેન વસંતભાઈ પટેલ (ઉ.વ. ૪૧) દ્વારા ફરિયાદી પાસે લાંચની માંગણી કરવામાં આવી હતી. સરપંચ મણીબેન ઠાકોરે પોતાના હિસ્સાના રૂ.૮૦,૦૦૦ અને તલાટી દીપ્તીબેન પટેલે પોતાના હિસ્સાના રૂ. ૨૦,૦૦૦ મળીને કુલ રૂ. ૧,૦૦,૦૦૦ની માતબર રકમની લાંચ માંગી હતી.

જોકે, ફરિયાદી પોતે એક જાગૃત નાગરિક હોવાથી અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવા માંગતા ન હોવાથી, તેમણે લાંચની રકમ આપવાના બદલે એસીબીનો સંપર્ક કરવાનું મુનાસિબ સમજ્યું હતું.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાએ એઈમ્સ રાજકોટ ખાતે અદ્યતન રેડિયોથેરાપી સુવિધાનું ઉદ્ઘાટન કર્યું

અદ્યતન રેડિયોથેરાપી સુવિધાથી અંદાજે ૧.૫૪ કરોડ લોકોને લાભ મળવાની અપેક્ષા; દર વર્ષે આશરે ૫૦૦થી ૭૦૦ કેન્સરના દર્દીઓને સારવાર ઉપલબ્ધ થશે

રાજકોટ,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ રાજકોટની અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એઈમ્સ) ખાતે અદ્યતન રેડિયોથેરાપી સુવિધાનું ઉદ્ઘાટન કરીને તેને રાષ્ટ્રને સમર્પિત કરી હતી. અત્યાધુનિક રેડિયેશન થેરાપી ટેકનોલોજીથી સજ્જ આ સુવિધા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં કેન્સરની વિશેષ સારવાર વધુ સુલભ બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

આશરે ૩૯ કરોડના રોકાણથી એઈમ્સ રાજકોટ ખાતે આ સુવિધા પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (PMSSY) હેઠળ વિકસાવવામાં આવી છે. દેશના વિવિધ વિસ્તારો વચ્ચે તૃતીય સ્તરની આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતામાં રહેલી અસમાનતાઓ દૂર કરવા માટે કેન્દ્ર





સરકાર દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસોને આ પહેલ વધુ મજબૂતી આપે છે.

ઉપસ્થિત જનસમૂહને સંબોધતા જે.પી.નડ્ડાએ જણાવ્યું હતું કે કેન્સર માત્ર દર્દીઓ માટે જ નહીં, પરંતુ તેમના પરિવારો માટે પણ તબીબી, માનસિક, સામાજિક અને આર્થિક રીતે મોટો પડકાર છે. તેમણે સમયસર સારવારના મહત્ત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ તેના રહેઠાણના સ્થળ અથવા આર્થિક પરિસ્થિતિને કારણે ગુણવત્તાયુક્ત કેન્સરની સારવારથી વંચિત ન રહેવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે આ નવી સુવિધા ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોને લાભદાયી બનશે. અગાઉ આ વિસ્તારના દર્દીઓને કેન્સરની વિશેષ સારવાર માટે અમદાવાદ અને મુંબઈ જેવાં દૂરનાં શહેરોમાં જવું પડતું હતું. આ સુવિધા સમગ્ર વિસ્તારમાં કેન્સરની સારવારની સુલભતા વધારવાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે.

નડ્ડાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એઈમ્સના વિસ્તરણનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે એક સમયે નવી દિલ્હીમાં માત્ર એક એઈમ્સ હતી, જ્યારે આજે દેશમાં કુલ ૨૨ એઈમ્સમાંથી ૧૮ કાર્યરત છે. આ વિસ્તરણથી દેશભરમાં વિશેષ તૃતીય સ્તરની આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતામાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે દર્દીઓને તેમની જરૂરિયાત મુજબ યોગ્ય સારવાર મળી રહે તે માટે આરોગ્ય સેવાઓના વિવિધ સ્તરો વચ્ચે અસરકારક સંકલન સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

રોગોના નિવારણ અને વહેલા નિદાનના મહત્ત્વ પર ભાર મૂકતાં નડ્ડાએ આયુષ્માન આરોગ્ય મંદિરો મારફતે હાથ ધરવામાં આવી રહેલી સ્ક્રીનિંગ પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ માટે પ્રત્યેકનું આશરે ૪૪ કરોડ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. મોઢાના કેન્સર માટે આશરે ૩૭.૭ કરોડ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે ૨.૫ લાખ કેસની ઓળખ થઈ છે. સ્તન કેન્સર માટે ૨૦ કરોડથી વધુ મહિલાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે, જેમાં આશરે ૯૫,૦૦૦ કેસની ઓળખ થઈ છે. તેવી જ રીતે, ગર્ભાશયના મુખના કેન્સર માટે ૧૦ કરોડથી વધુ મહિલાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે, જેમાં આશરે એક લાખ કેસની ઓળખ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે રોગનું વહેલું નિદાન થવાથી દર્દીઓને સમયસર સારવાર શરૂ કરાવવામાં મદદ મળે છે અને સ્વસ્થ થવાની શક્યતાઓમાં વધારો થાય છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ ધ લેન્સેટના એક અહેવાલમાં દર્શાવવામાં આવેલા તારણોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ૯૦ ટકા કેન્સરના દર્દીઓ ૩૦ દિવસની અંદર સારવાર શરૂ કરે છે. તેમણે જણાવ્યું હતું કે સમયસર સારવાર મેળવવાની સુવિધામાં થયેલા સુધારામાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY) હેઠળ ઉપલબ્ધ કરાવવામાં આવેલી આર્થિક સુરક્ષાનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન છે. આ યોજનાથી આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને આર્થિક મુશ્કેલીઓનો સામનો કર્યા વિના સારવાર મેળવવામાં મદદ મળી રહી છે. એઈમ્સ રાજકોટ ખાતે છમ્ સ્નાતકરૂના પાત્ર લાભાર્થીઓને કેન્સરની સારવાર નિઃશુલ્ક ઉપલબ્ધ થશે, જ્યારે અન્ય દર્દીઓને આર્થિક બોજ ઓછો થાય તે માટે રાહતદરે સારવાર આપવામાં આવશે.

રાજકોટ એઈમ્સમાં રૂ.૩૯ કરોડના ખર્ચે નિર્મિત રેડીએશન ઓંકોલોજી વિભાગનું કેન્દ્રીય આરોગ્ય મંત્રી નડ્ડાના હસ્તે ઈ-લોકાર્પણ

હવે એઈમ્સના લીધે કેન્સરના દર્દીઓને અમદાવાદ, મુંબઈ કે પુણે જવું નહીં પડે : મંત્રી જે. પી. નડ્ડા

રાજકોટ, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના કેન્સરના દર્દીઓ માટે આરોગ્ય ક્ષેત્રે મોટી સુવિધાનો ઉમેરો થયો છે. રાજકોટ સ્થિત અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એઈમ્સ) ખાતે રૂ.૩૯ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક રેડિએશન ઓંકોલોજી વિભાગનું કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગતપ્રકાશ નડ્ડાના હસ્તે વર્ચ્યુઅલી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા પણ વર્ચ્યુઅલી જોડાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, રાજકોટ એઈમ્સમાં શરૂ થયેલી અત્યાધુનિક રેડિયોથેરાપી સુવિધા કેન્સરના દર્દીઓની સારવારમાં માઈલસ્ટોન સાબિત થશે. પ્રિસિઝન, સલામતી અને કાર્યક્ષમતા સાથે સારવાર ઉપલબ્ધ બનવાથી દર્દીઓને મોટો લાભ મળશે. અગાઉ કેન્સરની ઉચ્ચસ્તરીય સારવાર માટે અમદાવાદ, મુંબઈ કે પુણે સુધી જવું પડતું હતું, પરંતુ હવે સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓને રાજકોટમાં જ આધુનિક સારવાર મળી શકશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૃષ્ટિકોણને પરિણામે દેશમાં ગુણવત્તાયુક્ત તૃતીય કક્ષાની આરોગ્ય સેવાઓને વેગ મળ્યો છે. કોવિડ મહામારીના પડકારો વચ્ચે પણ રાજકોટ એઈમ્સે ટૂંકા સમયમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. હાલમાં સંસ્થામાં ૧૪ બ્રોડ સ્પેશિયાલિટી અને છ સુપર સ્પેશિયાલિટી વિભાગોની સેવાઓ ઉપલબ્ધ છે.

અહીં રેડિયોથેરાપી, કિમોથેરાપી અને સર્જરી સહિતની સારવાર એક જ સ્થળે મળી રહેશે.રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ



જણાવ્યું હતું કે, રાજકોટ એઈમ્સમાં શરૂ થયેલી રેડિયોથેરાપીની સુવિધા સૌરાષ્ટ્ર અને કચ્છના જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બનશે. કેન્દ્રીય આરોગ્ય વિભાગનાં સચિવ પુણ્ય સલીલા શ્રીવાસ્તવે પણ વીડિયો કોન્ફરન્સ મારફતે સંબોધન કર્યું હતું.

કાર્યક્રમમાં સાંસદ પરસોત્તમ રૂપાલા, ધારાસભ્યો ભાનુબેન બાબરિયા અને ડો. દર્શિતાબેન શાહ, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, એઈમ્સના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ડો. જે.એસ. તિતિયાલ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો. એલ.એન. દોરાઈરાજન સહિતના તબીબો, અધિકારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ નવી સુવિધાથી કેન્સરની સારવાર માટે મોટા શહેરોમાં જવાની જરૂરિયાત, મુસાફરીનો સમય અને આર્થિક બોજ ઘટશે તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના દર્દીઓને સ્થાનિક સ્તરે જ ઉચ્ચસ્તરીય આરોગ્ય સેવા ઉપલબ્ધ બનશે.

એઈમ્સના રેડિએશન ઓંકોલોજી વિભાગમાં હાઈ એનર્જી લીનિયર એક્સિલરેટર, વાઈડ બોર સીટી સિમ્યુલેટર અને હાઈ ડોઝ રેટ (એચડીઆર) બ્રેકીથેરાપી યુનિટ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ટેક્નોલોજી દ્વારા કેન્સરગ્રસ્ત ભાગને ચોકસાઈપૂર્વક નિશાન બનાવી તેની આસપાસના સ્વસ્થ અંગોને શક્ય તેટલું સુરક્ષિત રાખીને સારવાર આપી શકાશે.

ખાસ કરીને ગર્ભાશય સહિતના સ્ત્રી સંબંધિત કેન્સરમાં બ્રેકીથેરાપી પદ્ધતિ ઉપયોગી બનશે. આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ પાત્ર લાભાર્થીઓને નિયત સારવારનો લાભ મળશે. જ્યારે આયુષ્માન કાર્ડ ન ધરાવતા દર્દીઓ માટે પણ રેડિયોથેરાપી સંબંધિત કેન્સરની સારવાર માત્ર રૂ.૭૫૦ના ખર્ચે ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

વીરપુરના ગ્રામ્ય પંથકમાં સિંહ પરિવારની લટારથી ફફડાટ!



વીરપુર:કાગવડ-ખંભાળીડા ગામ વચ્ચે સિમ વિસ્તારમાં ત્રણ સિંહ જોવા મળ્યા, વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ખેડૂતોમાં ભયનો માહોલ

યાત્રાધામ વીરપુરના ગ્રામ્ય પંથકમાં સિંહ પરિવારની અવરજવર જોવા મળતા ખેડૂતો અને ખેતમજૂરોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. કાગવડ અને ખંભાળીડા ગામ વચ્ચે આવેલા સિમ વિસ્તારમાં એકસાથે ત્રણ સિંહ જોવા મળ્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

ખેતરોમાં ખેતીકામ કરી રહેલા ખેડૂતો અને ખેતમજૂરોમાં સિંહોની હાજરીને પગલે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં સિંહોની લટારથી સ્થાનિક લોકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

ખાસ કરીને હાલ ખેતરોમાં ખેતીકામની સિઝન ચાલી રહી હોવાથી ખેડૂતો અને ખેતમજૂરોની અવરજવર સતત રહે છે. ત્યારે સિંહોની હાજરીને પગલે વન્યજીવ અને માનવ સુરક્ષાનો પ્રશ્ન પણ ઊભો થયો છે.આ સમગ્ર મામલે વન વિભાગ દ્વારા તાત્કાલિક સિંહોની હિલચાલ પર નજર રાખવામાં આવે, સ્થાનિક ખેડૂતોને સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવે તેમજ માનવ-વન્યજીવ સંઘર્ષ ન સર્જાય તે માટે જરૂરી તકેદારી રાખવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગ ઊઠી છે.

રાજકોટ શહેર-જિલ્લામાં ઓકટોબર-૨૬માં ૧૪૦૯૧ મિલ્કતોનું વેચાણ

રાજય સરકારને ફી અને સ્ટેમ્પ ડયુટીની ૮૪.૩૨ કરોડની આવકઃ મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૨૦૧૮ મિલ્કતોના સોદા

રાજકોટઃ શુભ કાર્યો તેમજ જમીન-મકાન અને વાહનોની ખરીદી માટે આસો માસ (ઓકટોબર)ને શ્રેષ્ઠ અને શુભ માનવામાં આવે છે. રાજકોટ શહેર-જિલ્લામાં ગત ઓકટોબર માસ દરમિયાન ૧૪૦૯૧ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.

જેના દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન શહેર જીલ્લાની ૧૮ સબ રજી.કચેરીઓમાં થતા તેની ફીની રૂા.૧૧૫૪૮૪૬૧૧ અને સ્ટેમ્પ ડયુટીની રૂા.૭૨૩૭૫૨૫૫૩ મળી કુલ રૂા.૮૪૩૩૭૧૮૪ની આવક રાજય સરકારને થવા પામી છે. જોકે સપ્ટેમ્બર માસની સરખામણીમાં ઓકટોબર માસમાં ૧૫૪૭ દસ્તાવેજોના રજી. વધુ થવા પામેલ છે જેમાં રાજકોટ શહેરની વાત કરીએ તો મોરબી રોડ એવરગ્રીન રહેવા પામેલ છે. મોરબી રોડ વિસ્તારમાં ૨૦૧૮ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.

જેનું રજીસ્ટ્રેશન સબ રજી. કચેરીઓમાં થતા તેની ફીની રૂા.૧૪૧૦૨૧૩૫ અને સ્ટેમ્પ ડયુટીની રૂા.૮૨૧૨૩૩૨૧ની આવક રાજય સરકારને થવા પામી છે.

જયારે કોઠારીયામાં ૯૦૦, રાજકોટ રૂરલમાં ૮-૩૦, મવડીમાં ૧૩૦૫ મવા વિસ્તારમાં ૯૯૪, રતનપર વિસ્તારમાં ૧૧૦૮, રૈયા વિસ્તારમાં ૯૮૪, અને રાજકોટ-૧ વિસ્તારમાં ૮૧૫ મિલ્કતોનુ વેચાણ થતા તેના દસ્તાવેજોનું રજી. સબ રજી. કચેરીઓમા થવા પામેલ છે.

જયારે જીલ્લાની વાત કરીએ તો કોઠારીયામાં ૫૫૬, લોધીકામાં ૯૬૮, વિછીયામાં ૧૨૩, જેતપુરમાં ૭૧૦ ઉપલેટામાં ૩૭૭, ધોરાજીમાં ૨૮૨, જસદણમાં ૩૯૧, પડધરીમાં ૩૨૮ ગોંડલમાં ૧૩૦૬ અને જામકંડોરણામાં ૯૬ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.

રાજકોટ શહેર જીલ્લાની ૧૮ સબ રજી. કચેરીઓમાં ૧૪૦૯૧ મિલ્કતોનું રજી. રજીસ્ટ્રાર કચેરીઓમાં થતા તેની ફી અને સ્ટેમ્પ ડયુટીની મળી કુલ ૮૪.૩૨ કરોડની આવક રાજય સરકારને થવા પામેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રનું પાટનગર રાજકોટએ એસ્ટેટ ક્ષેત્રનું હબ બનેલ છે. ત્યારે ગત માસમાં ૧૪૦૯૧ મિલ્કતોનું વેચાણ થતા એસ્ટેટ ઉદ્યોગની ગાડી બમબમાટ દોડવા લાગી છે.

દિવાળી પૂર્વે મીઠાઈ, ડ્રાયફ્રુટના નમુના લેવા દરોડા : ૨૭ પેઢીમાં તપાસ

ભગવતી ફૂડ ઝોન અને ધ કાઠીયાવાડી ચુલોમાંથી ૧૮ કિલો માલનો નાશ

રાજકોટઃમ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા દિવાળીના તહેવાર પર ખાણીપીણીના સ્થળો અને સીઝનલ દુકાનદારોને ત્યાં ચેકીંગ ડ્રાઈવ સઘન બનાવવામાં આવી છે જેમાં મીઠાઈ, ડ્રાયફ્રુટ સહિત ૧૪ નમુના લેવામાં આવ્યા છે તો બે સ્થળેથી ૧૮ કિલો ફુડનો નાશ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય અને ફૂડ વિભાગે જાહેર કરેલી વિગત મુજબ આરોગ્ય શાખા-ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે દિવાળીના તહેવારને અનુલક્ષીને સ્પેશિયલ ડ્રાઈવ હેઠળ ૨૭ પેઢીમાં તપાસ કરાઈ હતી. જેમાં ૧૮ કિલો અખાદ્ય, વાસી, પડતર એક્સપયાર્ડ જથ્થાનો નાશ, ૭ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ તેમજ રૂ.૭,૫૦૦નો વહીવટી ચાર્જ વસુલી ૧૪ નમૂના પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ છે.

કોઠારીયા રોડ કેદાર સોસાયટી ગેઈટ સામેના ભગવતી ફૂડ ઝોનમાંથી મન્ચુરીયન, પનીર, બટેટા સહિત ૧૦ કિલો માલ, નંદા હોલ સામે ધ કાઠીયાવાડી ચુલોમાંથી તૈયાર શાક, સંભારો સહિત ૮ કિલો જથ્થાનો સ્થળ પર બંને પેઢીને નોટીસ અને રૂા.૧-૧ હજારનો દંડ કરાયો હતો.



વિભાગ દ્વારા પેડક રોડ પર ચંપકનગર-૩માં આવેલ એપેક્ષ ટ્રેડર્સમાંથી અંજીર, જશ ડ્રાયફ્રુટસ આલમંડ, કુવાડવા રોડ, માધુતિનગરના રઘુવીર ટ્રેડીંગમાંથી રઘુવીર ડ્રાયફ્રુટ મુખવાસ, ગોકુલ એજન્સીમાંથી બંસી પપૈયા મુરબ્બા (ટુટીફ્રુટી), પરાબજારમાં ૨-રઘુવીરપરામાં આવેલ સાગર ફુટસમાંથી કાજુ ફાડા અને કાળી દ્રાક્ષ, સોરઠીયાવાડી સર્કલ પાસે શ્રી અશોક વિજય ડેરી ફાર્મમાંથી બટર વેનીલા પેંડા અને મલાઈ કટ મીઠાઈ, પરાબજાર મેઈન રોડ, જયુબેલી બાગ રોડ પરના ભગવતી ઈન્ટરનેશનલમાંથી રોસ્ટેડ પેપર ડ્રાયફ્રુટ અને કીસમીસ, સરદારનગર મેઈન રોડ પર હિરાર્થ નમકીન એન્ડ ડ્રાયફ્રુટસમાંથી મિકસ ડ્રાયફ્રુટ બોલ અને કુકીસ, કોટેચાનગર મેઈન રોડ પર શ્રી રામ શીંગ એન્ડ નમકીનમાંથી કીસમીસ અને ગુલકંદના સેમ્પલ લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

દંડ લેવાયોઃઆ ઉપરાંત મવડી નંદનવન રેસીડેન્સીમાં દામોદર ડેરીને મીઠાઈ પર યુઝ બાય ડેટ તથા લાયસન્સ બાબતે નોટીસ આપી રૂા. એક હજારનો વહીવટી ચાર્જ લેવાયો હતો. રૈયારોડ તિરૂપતિનગર-૫માં જલારામ ખમણ હાઉસ, લક્ષ્મીનારાયણ સેલ્સ એજન્સી, જલારામ ફરસાણ, ગાંધીગ્રામ એસ.કે. ચોક પાસે જય બાલાજી ફૂડ પ્રોડકટસ, ગીરીરાજ હોસ્પિટલથી જગન્નાથ ચોક તરફ શ્રી શકિત હોટલ, જય સરપંચ ચા, ક્રિષ્ના શોપ, જય માતાજી રેસ્ટોરન્ટ, શ્યામ કલીનીકને ફૂડ લાયસન્સ બાબતે સૂચના અને નોટીસ આપી રૂા.૫૦૦-૫૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

ચકાસણીઃઆ ઉપરાંત ગીરીરાજ હોસ્પિટલ રોડ પરના જલારામ રેસ્ટોરન્ટ, હોસ્પિટલના શ્રી આશાપુરા કેટરર્સ, રાજ ગોલા, ગોંડલ રોડ પરના બાબા પાન એન્ડ કોલ્ડ્રીકસ, મવડી બાયપાસના આઈશ્રી ખોડીયાર પાન, જય બાલાજી ઘુઘરા અને પટેલ ફરસાણ માર્ટમાં ચકાસણી કરવામાં આવી હતી.

કલેકટર કચેરીની બીનખેતી શાખામાં વ્યાપક ભ્રષ્ટાચારનો આક્ષેપ : કોંગ્રેસ દ્વારા ADM સમક્ષ ધા

શહેરી વિસ્તારનો ૧.૨૫ લાખ અને ગ્રામીણ એરીયા માટે ફાઈલ દીઠ એક લાખ સુધીનો ભાવ?

રાજકોટઃ રાજકોટ કલેકટર કચેરીની બીનખેતી શાખામાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરકાયદે પ્રવૃતિ ફૂલીફાલી હોવાના ગંભીર આક્ષેપો સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના પ્રમુખ અમીતભાઈ ચાવડા તથા ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડા દ્વારા અધિક કલેકટર બારોટને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. તેની સાથોસાથ આ પ્રકરણમાં કડક કાર્યવાહી કરવાની માંગણી દોહરાવવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ડો.હેમાંગ વસાવડાએ આ અંગે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે કલેકટર કચેરીના પ્રથમ ફલોર પર સીસીટીવી કેમેરાથી સજજ બીનખેતી વિભાગની આ શાખા આવેલ છે. જેમાં ના.મામલતદાર તરીકે મુકેશભાઈ રાઠોડ ફરજ બજાવે છે. છેલ્લા ઘણા વખતથી આ શાખામાં સરકારી કચેરીના ટેબલ પર બેસીને ૩ બહારની વ્યકિતઓ (૧) વિજય પરમાર (૨) ટી.બી. લીબાસીયા તથા (૩) પ્રકાશભાઈ સોલંકી દ્વારા ફાઈલો જોવી, અરજદારને સાંભળવા અને ફાઈલ અંગે બીજા કર્મચારીને સુચના આપવા અંગેનું કામ કરી રહ્યા હતા.

એવી પણ રજૂઆત આવી છે કે શહેરી વિસ્તારમાં



બીનખેતી માટે આવનારી ફાઈલોનો ભાવ એક એકરે રૂા.૧.૨૫ લાખ તથા બહારના ગ્રામીણ વિસ્તારમાં બીનખેતી માટે એક એકરના રૂા.૧ લાખ લેખે વસુલવાનું સુયોજીત રીતે ભ્રષ્ટાચારની કામગીરી કરતા હોવાની ચર્ચા છે. તેઓએ જણાવેલ છે કે કલેકટરની તમામ ઓફીસોમાં સીસી ટીવી હોવા છતા બીન અધિકૃત વ્યકિતઓની સતત હાજરી, ટેબલ પર બેસવું અને તમામ પ્રકારના વ્યવહાર કરવાની કામગીરી ધ્યાન પર નહી આવેલ હોય તેવું જણાતા આશ્ચર્ય થાય છે.

આ કચેરીમાં આ પ્રકારનો ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થતો હોવા છતા કોઈપણ પ્રકારની બીક વગર એક નાયબ મામલતદાર અધિકારી અને તેના મળતીયાઓ ભ્રષ્ટાચારને પોષી રહ્યા છે. જે શંકાસ્પદ છે. આ પ્રકરણમાં આ નાયબ મામલતદારની અન્યત્ર બદલી કરી તત્કાલ પગલા લેવા તેઓએ માંગણી ઉઠાવી છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે આ શાખામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર મુકેશભાઈ રાઠોડએ નિવેદન આપતા જણાવ્યું છે કે અમારી કચેરીમાં સ્ટાફની અછત હોવાના કારણે બહારના લોકો પાસેથી સેવા લેવાતી હતી.

આ વાત વાહિયાત, ગેરમાર્ગે દોરનારી તથા સરકારી કર્મચારીઓના નિયમોનો સરેઆમ ભંગ કરી અને માત્રને માત્ર ભ્રષ્ટાચાર કરવો તથા તેની વ્યવસ્થા ગોઠવવા માટે નાયબ મામલતદારે પોતાના પ્રાઈવેટ વ્યકિતઓને કામે લગાડી ઓફીસ અવર્સ દરમિયાન રોજબજરોની કામગીરીમાં આ ત્રણેય વ્યકિતઓ સામેલ હતા. બીનખેતી માટે આવેલી ફાઈલોને તપાસવી તેમાં સ્કુટીની કરવા તથા કેવા પ્રકારના કાગળો રજૂ કરવા પડશે તે વિષયે અરજદારોને રોજબજરો માર્ગદર્શન આપી તે મુજબની કામગીરી તેઓ કરતા હતા આ બાબતે તત્કાલ પગલા લેવા તેઓએ માંગણી ઉઠાવી છે.

બાલુ ફોર્જે આર્ટિલરી સપ્લાયમાં વધારો કર્યો, યુએસ અને યુરોપમાં નવા ગ્રાહકો મેળવ્યા





બાલુ ફોર્જ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એક અગ્રણી હેવી એન્જિનિયરિંગ અને પ્રિસિઝન મશીનિંગ કંપની, એ સંરક્ષણ, એરોસ્પેસ, ઊર્જા અને ભારે ગતિશીલતા ક્ષેત્રોમાં અનેક મહત્વપૂર્ણ સીમાચિહ્નો ની જાહેરાત કરી છે. કંપનીએ અગાઉ જાહેર કરાયેલા સંરક્ષણ ક્ષેત્રના ઓર્ડરની ડિલિવરી શરૂ કરી દીધી છે અને તેના પોર્ટફોલિયોમાં સૌથી જટિલ આર્ટિલરી ઘટકોમાંથી એક પણ પૂર્ણ કર્યું છે. કંપનીએ સખત ઓડિટ પ્રક્રિયા પછી બે નવા આંતરરાષ્ટ્રીય ક્લાયન્ટ અને એક સ્થાનિક સંરક્ષણ એકમ પણ ઉમેર્યું છે.

કંપનીએ અગાઉ જાહેર કરેલા ઓર્ડરના ભાગ રૂપે ૧૫૨ મીમી ખાલી શેલના અનેક કન્સાઈન્મેન્ટ સફળતાપૂર્વક પૂરા પાડ્યા છે. આ દર્શાવે છે કે કંપની સંરક્ષણ ક્ષેત્રના ઓર્ડર પૂરા કરી રહી છે અને તેને સમયસર આવકમાં રૂપાંતરિત કરી રહી છે. કંપનીએ ૧૫૫ મીમી ઈઈહ્વમ શેલનું સફળતાપૂર્વક ઉત્પાદન કરીને અત્યાર સુધીની સૌથી મહત્વપૂર્ણ તકનીકી સીમાચિહ્ન હાંસલ કર્યું છે અને તેના માટે જરૂરી ગુણવત્તા મંજૂરીઓ પણ મેળવી છે. કંપનીને ભારત સરકારની એક મુખ્ય સંરક્ષણ સંસ્થા તરફથી ૧૦૫ મીમી બ્લેન્ક શેલ માટે મંજૂરી અને નવા ઓર્ડર મળ્યા છે.

કંપનીને એરોસ્પેસ ક્ષેત્ર માટે જેટ એન્જિનના ઘટકો માટે મંજૂરી મળી છે, જે સૌથી કડક સહિષ્ણુતા ધોરણો હેઠળ પસાર કરવામાં આવ્યા છે. આ કંપનીનો પ્રિસિઝન એન્જિનિયરિંગના સૌથી વધુ ગુણવત્તા-માંગણી ધરાવતા સેગમેન્ટમાં પ્રવેશ દર્શાવે છે. એરોસ્પેસ ક્ષેત્રમાં વધુ મોટો પ્રોડક્ટ પોર્ટફોલિયો બનાવવા માટે હવે વધુ વિસ્તરણ ચાલી રહ્યું છે.કંપનીએ અમેરિકાની સૌથી મોટી તેલ અને ગેસ કંપનીઓમાંથી એક પાસેથી ૪૫૦ કિલોથી વધુ વજનના મોટા પાર્ટ્સનો ઓર્ડર મેળવ્યો છે. સફળ પ્લાન્ટ ઓડિટ અને ડ્રોઇંગ મંજૂરી બાદ ઓર્ડર સુરક્ષિત કરવામાં આવ્યો હતો, જેણે કંપનીની ઉત્પાદન ક્ષમતાઓ અને ભારે અને ચોકસાઈ-એન્જિનિયર્ડ ઘટકો માટે ગુણવત્તા ધોરણોને માન્ય કર્યા હતા. આ વિકાસ વૈશ્વિક ઊર્જા પુરવઠા શૃંખલામાં બાલુ ફોર્જની હાજરીને મજબૂત બનાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને મુખ્ય આંતરરાષ્ટ્રીય ગ્રાહકોની વધેલી જરૂરિયાતોને પૂર્ણ કરવાની તેની ક્ષમતા દર્શાવે છે. તે કંપનીની ઉચ્ચ-મૂલ્યવાળા ઔદ્યોગિક ક્ષેત્રો અને વૈશ્વિક બજારોમાં તેની હાજરી વિસ્તારવાની વ્યૂહરચના સાથે પણ સુસંગત છે. કંપનીએ આ સફળતા એવા સમયે મેળવી છે જ્યારે વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિને કારણે તેલ અને ગેસ ક્ષેત્રમાં નવી માંગ પેદા થઈ રહી છે.

રાજકોટ-બરૌની વચ્ચે દોડાવવામાં આવશે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

રાજકોટઃપશ્ચિમ રેલવે દ્વારા આગામી તહેવારોની સિઝન દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રાજકોટ-બરૌની વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ખાસ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની-રાજકોટ (સાપ્તાહિક) સ્પેશિયલ (૪-૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની સ્પેશિયલ ૦૫ નવેમ્બર ૨૦૨૬ થી ૨૬ નવેમ્બર ૨૦૨૬ સુધી દર ગુરુવારે રાજકોટથી ૧૭.૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૯.૧૫ કલાકે બરૌની પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની-રાજકોટ સ્પેશિયલ ૦૭ નવેમ્બર ૨૦૨૬ થી ૨૮ નવેમ્બર ૨૦૨૬ સુધી દર શનિવારે બરૌનીથી ૨૨.૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૧૪.૩૦ કલાકે રાજકોટ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પ્રયાગ જંક્શન, ફૂલપુર, જંઘઈ, જૌનપુર, ઔડિહાર, ગાઝીપુર સિટી, બલિયા, છપરા, સોનપુર અને હાજીપુર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સેકન્ડ સ્લીપર અને અનરિઝર્વ્ડ એટલે કે જનરલ શ્રેણીના કોચ રહેશે.

દિવાળી પૂર્વે સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમની સિસ્ટમ બદલાઈ : હવે સ્ટ્રેચર સાથે સ્ટાફ ખડેપગે

રાજકોટઃરાજકોટ સિવિલમાં વૃદ્ધ પતિને સ્ટ્રેચરમાં બેસાડી ખુદ વૃદ્ધા ધક્કો મારી લઈ જતા હતા. જે પછી એક દર્દીને સગા તેડીને જતા હતા. આવા દ્રશ્યો સામે આવ્યા બાદ પડઘા ગાંધીનગર સુધી પડ્યા હતા. બેદરકારી બરદાસ્ત નહી થાય તેવા સખત વલણ સાથે કડક આદેશો છૂટ્યા હતા. જેથી હવે દિવાળી પૂર્વે સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમની સિસ્ટમ બદલાઈ ગઈ છે.

હવે સ્ટ્રેચર સાથે સ્ટાફ ખડેપગે રહે છે. સ્ટ્રેચર માટે રજીસ્ટર જાળવણી અને માર્ગદર્શન માટે સુપરવાઈઝરની પણ સતત હાજરી હોય છે. રાજકોટ સિવિલમાં દર વર્ષે દિવાળી તહેવાર નિમિતે વધારાનો સ્ટાફ ફાળવવામાં આવે છે. જે કોઈ નવી વાત નથી પરંતુ આ વખતે તંત્ર સફાળું જાગ્યું હોય તેમ ઈમરજન્સી વિભાગમાં દર્દીને કોઈ પણ બાબતે પરેશાની ન થયા તે માટે ખાસ હેલ્પ ડેસ્ક વિભાગની ટીમની નિયુક્તિ કરવામાં આવી છે.

ઈમરજન્સી રૂમમાં સ્ટ્રેચરમાં દર્દીને બીજા વિભાગ લઈ જવા માટે સ્ટ્રેચર સાથે ખાસ એક કર્મચારી રહેશે. દર્દીને તુરંત ટ્રેચર મળી રહે તે માટે વધારાના નવા ૧૦ સ્ટ્રેચર ફાળવ્યા છે. દિવાળીના તહેવારમાં ઓપીડી સેવા બંધ રહે છે જેથી આ સેવાઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. ઈમરજન્સીમાં આવતા દર્દીને જરૂરિયાત મુજબ, એમઆરઆઈ વિભાગ, એક્સ રે વિભાગ, વગેરેમાં જવા માટે સ્ટ્રેચર અને વ્હીલચેર અપાશે. તેમનું રજિસ્ટ્રેશન અલગથી થશે. સ્ટ્રેચર સાથે એક કર્મચારી રહેશે.તેના જવાનો સમય અને સ્ટડી કરાઈ પરત ઈમરજન્સી વિભાગમાં આવ્યાનો સમય નોંધાશે. દિવાળીના તહેવારમાં ઈમરજન્સી વિભાગમાં ડોક્ટરો ઉપરાંત નર્સિંગ સ્ટાફ પેરામેડિકલ સ્ટાફ અને હેલ્પ ડેસ્કની ટીમ સતત ખડે પગે રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

ગ્રામ્ય વિકાસ વગર વિકસિત ભારતનો સંકલ્પ અધૂરો

વિકસિત ભારતની કલ્પના ગામડાંના વિકાસ વિના અધૂરી છે. આજે પણ દેશની મોટી વસ્તી કૃષિ પર આધાર રાખે છે, તેથી ખેડૂતની સમૃદ્ધિ એ રાષ્ટ્રની સમૃદ્ધિ છે. ખેડૂતોની આવકમાં સ્થિર વધારો થાય, ખેતીમાં આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ વધે, સમયસર સિંચાઈનું પાણી મળે અને પાકના સંગ્રહ તથા ખાદ્ય પ્રક્રિયા માટેની સુવિધાઓ મજબૂત બને તે દિશામાં સતત કામ કરવું પડશે. ગ્રામીણ ભારતમાં પાકા રસ્તા, અવિરત વીજળી, શુદ્ધ પીવાનું પાણી, આરોગ્ય કેન્દ્રો અને ઝડપી ડિજિટલ જોડાણ જેવી પાયાની જરૂરિયાતો પહોંચશે ત્યારે જ શહેર અને ગામ વચ્ચેનું અંતર ઘટશે અને સાચા અર્થમાં સર્વાંગી વિકાસ થશે.આજનું ભારત બદલાવના એક નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વૈશ્વિક મંચ પર દેશની ભૂમિકા સતત વિસ્તરી રહી છે અને વિકાસની ગતિ પણ અગાઉ કરતાં અનેકગણી વધી છે. આઝાદીના અમૃતકાળમાં દેશે પોતાની સામે જે મહત્વાકાંક્ષી લક્ષ્ય મૂક્યું છે તે માત્ર આર્થિક આંકડાઓ પૂરતું સીમિત નથી. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ એ દરેક ભારતીયના જીવનની ગુણવત્તા સાથે જોડાયેલો છે. વિકસિત હોવાનો સાચો અર્થ એ છે કે દેશના છેવાડાના વ્યક્તિ સુધી સમાન તક, સન્માનજનક જીવન અને સુરક્ષિત ભવિષ્ય પહોંચે. જ્યારે શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને ન્યાય દરેક નાગરિક માટે સહજ બને ત્યારે જ વિકાસને સંપૂર્ણ ગણી શકાય.આ સ્વપ્નને સાકાર કરવા માટે આર્થિક મજબૂતી એ સૌથી પહેલી શરત છે. ભારતની અર્થવ્યવસ્થા અનેક સ્તંભો પર ટકેલી છે, જેમાં ઉદ્યોગ, વેપાર, કૃષિ અને સેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે. આ તમામ ક્ષેત્રો એકબીજા સાથે સંકળાયેલા રહીને આગળ વધે તે ખૂબ જરૂરી છે. જો દેશમાં નવા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે અને નાના તથા મધ્યમ કદના વ્યવસાયોને યોગ્ય વાતાવરણ મળે તો રોજગારીના અપાર દ્વાર ખુલી શકે છે. ભારત પાસે યુવા વસ્તીનું અમૂલ્ય ધન છે. યુવાનોમાં સર્જનશક્તિ અને કૌશલ્યનો કોઈ અભાવ નથી, માત્ર તેમને યોગ્ય દિશા, આધુનિક તાલીમ અને તકની જરૂર છે. જો આ શક્તિને યોગ્ય રીતે જોડવામાં આવે તો તે દેશના આર્થિક પરિવર્તનનું સૌથી મોટું બળ બની શકે છે.

શિક્ષણ એ કોઈપણ વિકસિત સમાજનો પાયો છે. આપણે એવી શિક્ષણ પ્રણાલી ઊભી કરવી પડશે જ્યાં દરેક બાળકને સમાન અને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ મળે. શિક્ષણનો હેતુ માત્ર ડિગ્રી કે નોકરી મેળવવા પૂરતો ન હોવો જોઈએ, પરંતુ તે બાળકમાં વિચારવાની ક્ષમતા, નવીનતા લાવવાની હિંમત અને સામાજિક જવાબદારીની ભાવના પણ વિકસાવે. પુસ્તકીયા જ્ઞાનની સાથે સાથે કૌશલ્ય આધારિત અને વ્યવહારુ શિક્ષણને પણ એટલું જ મહત્વ આપવું પડશે, જેથી વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરીને સીધો રોજગાર કે સ્વરોજગાર સાથે જોડાઈ શકે.આરોગ્ય ક્ષેત્ર એ સમાજની સાચી સમૃદ્ધિનું પ્રતિબિંબ છે. એક વિકસિત રાષ્ટ્રમાં સામાન્ય માણસને પણ ઓછા ખર્ચે સારી અને વિશ્વાસપાત્ર સારવાર મળવી જોઈએ. આરોગ્ય સેવાઓ માત્ર મોટા શહેરો પૂરતી સીમિત ન રહે, પરંતુ દૂરના ગામડાં સુધી તેની પહોંચ વધે તે જરૂરી છે. આ સાથે લોકોમાં સ્વચ્છતા, સંતુલિત પોષણ, શુદ્ધ પાણી અને રોગો સામે નિવારણ અંગેની જાગૃતિ વધારવી પણ એટલી જ મહત્વની છે, કારણ કે તંદુરસ્ત નાગરિક જ તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.આજના યુગમાં ડિજિટલ ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા વિકાસને નવી ઊંચાઈ આપી રહી છે. સરકારી સેવાઓ વધુ પારદર્શી અને ઝડપી બની છે, સામાન્ય વ્યક્તિ ઘરે બેઠા અનેક કામ પૂર્ણ કરી શકે છે. પરંતુ આ ડિજિટલ ક્રાંતિનો લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું પડશે. ટેકનોલોજીની સાથે સાથે સાયબર સુરક્ષા અંગે લોકોને જાગૃત કરવા અને ઓનલાઇન છેતરપિંડીથી બચાવવા માટે પણ મજબૂત વ્યવસ્થા ઊભી કરવી પડશે.વિકાસની દોડમાં પર્યાવરણનું સંતુલન જાળવવું એ સૌથી મોટી જવાબદારી છે.

માડી તારું કંકુ ખર્યું ને સુરજ ઉગ્યો...



ક્લિક કોર્નર

- જતીન ડી. ઘેલાણી,

અત્યારે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અને દિવસે સખત તાપનો પ્રવાહ વહી રહ્યો છે. ધીરે ધીરે વહેલી સવારે ઠાર એટલે કે ઠંડી જોવા મળે છે. વહેલી સવારે સૂર્યોદય સમયે આકાશમાં જાણે મસ્ત મજાનો કેસરી રંગ પૂર્યો હોય તેવું લાગે છે. શહેરના રિંગ રોડ પર વહેલી સવારની તસવીર જોતાં એવું લાગે છે કે જાણે સાક્ષાત માતાજી ધરતી પર પધાર્યા હોય અને ત્યારે પેલી ઉક્તિ પણ યાદ આવી જાય છે કે માડી તારું કંકુ ખર્યું ને સુરજ ઉગ્યો.

ડિઝાઈનર દીવાથી ઘર સજાવો

દિવાળીનાં થોડાં દિવસો પહેલાંથી શોભા દિવાળીની તૈયારીઓમાં લાગી જાય છે. તેણે ગઈ દિવાળીમાં તેની બહેનપણીના ઘરે ડિઝાઈનર દીવા જોયા હતા. તે તેને ખૂબ ગમ્યા હતા. શોભાએ બહેનપણી નીતાને પૂછ્યું તો તેણે જણાવ્યું, ''બજારમાં આવા ડિઝાઈનર દીવા દુકાનોમાં મળે છે. તેમની કિંમત ૨૦ રૂપિયાથી લઈને ૧૦૦ રૂપિયા સુધીની હોય છે.''

નીતાના ડિઝાઈનર દીવા જોઈને શોભાએ વિચાર્યું કે હવે પછીની દિવાળીએ તે પણ આવા જ દીવા બનાવશે. તેણે દીવા બનાવનાર કારીગર પાસે જઈને દીવાની જુદીજુદી ડિઝાઈન જોઈ અને એવા જ થોડાક દીવા બનાવવા કહ્યું.

શોભાના ઓર્ડર પ્રમાણે જુદીજુદી ડિઝાઈનવાળા ૬ દીવા તૈયાર કર્યા. શોભાએ દરેક ડિઝાઈનના ૫૦-૫૦ દીવા ખરીદ્યા. તેને આ દીવા ૩ થી ૨૦ રૂપિયાની અંદરની કિંમતમાં પડ્યા. તેણે સૌપ્રથમ બધા દીવા પાણીમાં પલાળી દીધા. તે પછી દીવા બહાર કાઢીને સુકાવા મૂકી દીધા. બધા દીવા સુકાઈ ગયા પછી શોભાએ તેમના પર પીળા રંગના ઓઈલ કલરથી ડિઝાઈન બનાવી. તેણે કહ્યું, ''પીળો રંગ દીવાની ડિઝાઈનને ઉપસાવે છે. પીળો રંગ કરવાથી ડિઝાઈન્સમાં નવો લુક આવ્યો.''

શોભાએ આમ તો ડિઝાઈનર દીવા પોતાના માટે બનાવ્યા હતા. જેણે પણ શોભાએ તૈયાર કરેલા દીવા જોયા, તે તેને પસંદ કરવા લાગ્યા.

શોભાએ બનાવેલા દીવા બધાને ખૂબ ગમ્યા હતા. બધાનાં મોંએ પ્રશંસા સાંભળીને શોભાનો ઉત્સાહ ઓર વધ્યો. તે પોતે બનાવેલા ડિઝાઈનર દીવા લઈને શહેરના એક મોલમાં ગઈ. તેમને તે દીવા ગમ્યા. તેમણે શોભા પાસેથી જુદીજુદી ૬ ડિઝાઈનના ૩૦૦ પીસ ખરીદ્યા. આ દીવાઓને તેમણે નાની નાની પોલિથીનમાં પેક કર્યા.

દિવાળીનો સાચો શણગાર એટલે મનની સજાવટ

દિવાળીના એક સપ્તાહ અગાઉ મોટાભાગના લોકો ઘરની સફાઈ કરે છે, ઘરની સજાવટ કરે છે, ઘરની સજાવટમાં પણ ઓછામાં ઓછા પૈસા ઘરને સારામાં સારી રીતે શણગારી શકાય છે. ઘરની સજાવટ એટલે દિવાળીનું ઉત્સવ આનંદ



દિવાળીની સજાવટ એટલે મનની સજાવટ. દિવાળી એ માત્ર દીવાઓનો તહેવાર નથી, પણ નવી શરૂઆત અને નવી ઉર્જાનો ઉત્સવ છે. આ દિવસોમાં દરેકના મનમાં એક જ ઈચ્છા હોય છે કે પોતાનું ઘર સુંદર, સ્વચ્છ અને હૂંફાળું લાગે. લક્ષ્મીજીના આગમન પહેલા ઘર ચોખ્ખું અને આકર્ષક હોય એ આપણી પરંપરા છે. પરંતુ ઘણીવાર આપણે એવું માની લઈએ છીએ કે ઘરને નવો લુક આપવા માટે મોંઘું ફર્નિચર, ડિઝાઇનર વોલપેપર અને ઈન્ટિરિયર ડિઝાઇનરની જરૂર પડે છે અને બજેટના વિચારે આપણે આ વિચારને પડતો મૂકીએ છીએ. હકીકતમાં ઘરની સુંદરતા મોંઘી વસ્તુઓમાં નથી, પણ તેની ગોઠવણી અને સ્વચ્છતામાં છે.

પ્રાંસગિક

સુરેશ ભટ્ટ

આ દિવાળીએ નવો લુક લાવવા માટે નવું ફર્નિચર ખરીદવાની બિલકુલ જરૂર નથી. તમારી પાસે જે જૂની ખુરશી, ટીપોય કે સાઇડ ટેબલ છે તેને જ નવો અવતાર આપી શકાય છે. લાકડાના ફર્નિચરને સારી રીતે સાફ કરીને તેના પર નવા રંગનો એક હાથ ફેરવવાથી કે તેને ઘસીને વાર્નિશ કરવાથી તેની મૂળ ચમક પાછી આવી જાય છે. બજારમાં બસો ત્રણસો રૂપિયામાં સારા વુડ પેઇન્ટ મળી રહે છે. જો સોફા જૂનો લાગતો હોય તો તેના પર ત્રણ ચાર રંગબેરંગી કુશન કવર અને એક આકર્ષક થ્રો નાખી દેવાથી જ આખા બેઠક રૂમનો દેખાવ સાવ બદલાઈ જાય છે. દિવાળી માટે એથનિક પ્રિન્ટના કવર આ સૌથી સસ્તો અને અસરકારક ઉપાય છે.

દિવાલો એ રૂમનો ચહેરો છે. આખા રૂમને રંગ કરાવવાને બદલે માત્ર એક દિવાલને અલગ રંગ આપીને તેને એક્સેન્ટ વોલ બનાવી શકાય છે. હળવો લીલો, બેજ, ક્રીમ કે પેસ્ટલ બ્લૂ જેવા શાંત રંગો રૂમને શાંત અને સુંદર દેખાવ આપે છે અને એક જ ડબ્બા રંગથી એક દિવાલનું કામ પતી જાય છે. જો બજેટ બિલકુલ ન હોય તો રંગકામની પણ જરૂર નથી. દિવાલ પર પરિવારના ખુશીના ફોટોગ્રાફ્સ, પોતાની બનાવેલી પેઇન્ટિંગ્સ અથવા સુંદર ફ્રેમ્સને વ્યવસ્થિત ગોઠવીને પણ તેને આકર્ષક બનાવી શકાય છે. એક જ દિવાલ પર બધું કેન્દ્રિત કરવાથી તે ફોકલ પોઈન્ટ બની જાય છે.

યોગ્ય લાઇટિંગ રૂમના વાતાવરણમાં મોટો ફેરફાર લાવી શકે છે અને દિવાળી તો છે જ પ્રકાશનો તહેવાર. દિવસ દરમિયાન ઘરમાં કુદરતી પ્રકાશ આવે તે માટે બારીઓ પરના ભારે પડદા હટાવીને હળવા અને પ્રકાશ પસાર થવા દેતા પડદા લગાવવા જોઈએ. સાંજના સમયે સફેદ ટ્યુબલાઇટને બદલે ગરમ પ્રકાશ આપતા વોર્મ લેમ્પ અથવા સુંદર ટેબલ લાઇટનો ઉપયોગ કરવાથી રૂમમાં તહેવારની હૂંફ આવી જાય છે. પરીઓની લાઇટ્સ, દીવા અને સુગંધીદાર મીણબત્તીઓથી ઘર દિવાળી જેવું લાગે છે અને તેનો ખર્ચ પણ નહિવત છે.

સુંદરતા માટે મોંઘી શોપિંગ કરવાને બદલે ઘરમાં જ ઉપલબ્ધ વસ્તુઓનો સર્જનાત્મક ઉપયોગ કરવો જોઈએ. કાચની જૂની બોટલમાં તાજા ફૂલો ગોઠવવા, સુંદર ટ્રેમાં મીણબત્તીઓ અને નાની સજાવટી વસ્તુઓ મૂકવી અથવા ખાલી ખૂણામાં નાનો લીલો છોડ રાખવાથી ઘર જીવંત લાગે છે. કુશન કવર, ટેબલ રનર અને પડદાના રંગો વચ્ચે યોગ્ય તાલમેલ રાખવાથી રૂમ વધુ સુઘડ અને મોંઘો દેખાય છે. ઘણીવાર રૂમ નાનો હોવાને કારણે નહીં પરંતુ તેમાં જરૂર કરતાં વધારે વસ્તુઓ હોવાથી અવ્યવસ્થિત લાગે છે. તેથી ઉપયોગમાં ન આવતી વસ્તુઓને અલગ કરીને જરૂરી વસ્તુઓને યોગ્ય જગ્યાએ ગોઠવવી જોઈએ. બેડની નીચેના સ્ટોરેજ, દીવાલ પરના શેલ્ફ અને સ્ટોરેજ બાસ્કેટનો ઉપયોગ કરવાથી ફ્લોર પર ઓછી વસ્તુઓ રહે છે અને રૂમ વધુ ખુલ્લો અને વિશાળ લાગે છે.

રૂમમાં ફેરફાર શરૂ કરતાં પહેલાં એક જ ખૂણેથી ફોટો પાડી લો અને અંતે એ જ ખૂણેથી ફરી ફોટો પાડો. બંને ફોટોગ્રાફ્સની સરખામણી કરતાં તમને તમારા પ્રયત્નોનું સુંદર પરિણામ જોવા મળશે. સૌથી અગત્યની વાત એ છે કે આખા ઘરને એકસાથે બદલવાની ઉતાવળ કરવાને બદલે એક રૂમથી શરૂઆત કરો. બજેટ નક્કી કરો, તમારી પાસે પહેલેથી રહેલી વસ્તુઓનો ઉપયોગ કરો અને જરૂરિયાત પ્રમાણે જ નવી વસ્તુઓ ખરીદો. નાનકડા ફેરફારો પણ ઘરને નવો, તાજગીભર્યો અને તમારી પોતાની પસંદને અનુરૂપ લુક આપી શકે છે.

દિવાળીના પાંચ પર્વનું પ્રથમ સોપાન - રમા એકાદશીનું દિવ્ય મહાત્મ્ય

સનાતન ધર્મના કેલેન્ડરમાં ચાતુર્માસના ચાર મહિના ભગવાન વિષ્ણુ શયન કરે છે. કારતક સુદ અગિયારસ એટલે પ્રબોધિની એકાદશીએ તે જાગે છે. તે પહેલાંની વદ અગિયારસ એટલે રમા એકાદશી એ જાગરણ પહેલાંની અંતિમ આરાધના છે. આ દિવસે કરેલી ભક્તિ સીધી જાગૃત થઈ રહેલા ભગવાનના હૃદય સુધી પહોંચે છે. તેથી જ તેને 'દિવાળીનું પહેલું પર્વ' કહેવું સાર્થક છે.

જ્યારે આસો માસ વિદાય લે છે અને કારતકનો પવિત્ર માસ પોતાની શીતળ ચાંદની પાથરે છે, ત્યારે ભારતીય જનમાનસ દિવાળીના વધામણાંની તૈયારીમાં લાગી જાય છે. પરંતુ શાસ્ત્રકારોએ દિવાળીના ઉત્સવની ગણતરી ધનતેરસથી નહીં, પરંતુ તેના પણ બે દિવસ પહેલાં આવતી રમા એકાદશીથી કરી છે. જો દિવાળી એક ભવ્ય મહેલ હોય, તો રમા એકાદશી તેનો મજબૂત પાયો અને પ્રવેશદ્વાર છે. તેના વગર દિવાળીનું પૂજન અધૂરું ગણાય છે.

'રમા' શબ્દના અનેક અર્થ છે - સૌંદર્ય, લક્ષ્મી, અને આનંદ આપનારી. જે એકાદશી રમાને એટલે કે લક્ષ્મીને આનંદ આપે છે, જેનાથી લક્ષ્મી પ્રસન્ન થાય છે, તે રમા એકાદશી. દિવાળી પર આપણે લક્ષ્મીની ઉપાસના કરીએ છીએ, પરંતુ તેના બે દિવસ પહેલાં લક્ષ્મીના પતિ વિષ્ણુની ઉપાસના કરીને આપણે લક્ષ્મીને પ્રસન્ન કરવાનો માર્ગ મોકળો કરીએ છીએ. આ એક અદ્ભુત આધ્યાત્મિક વિજ્ઞાન છે - લક્ષ્મીને મેળવવી હોય તો નારાયણને રીઝવો.

આ વ્રતનું વિધાન ખૂબ જ સાત્વિક છે. વ્રતધારી દશમના દિવસે સાંજે એક જ વાર સાત્વિક ભોજન લે છે. એકાદશીના દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઉઠીને સ્નાન કરી, 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' મંત્ર સાથે સંકલ્પ લે છે. આખો દિવસ અન્નનો ત્યાગ, શક્ય હોય તો જળનો પણ ત્યાગ. ફળ, દૂધ અને તુલસી-જળ પર રહીને ભગવાન વિષ્ણુની ધૂપ, દીપ, નૈવેદ્ય અને તુલસીથી પૂજા કરવી. રાત્રે ભજન, કીર્તન અને વિષ્ણુ સહસ્ત્રનામનો પાઠ કરી જાગરણ કરવું. બીજા દિવસે દ્વાદશીએ બ્રાહ્મણ ભોજન અને ગરીબોને દાન આપીને પારણું કરવું.

આ કઠોર લાગતું વ્રત વાસ્તવમાં શરીરનું શુદ્ધિકરણ છે. દિવાળી પર તળેલું, મીઠું ખાવાનું હોય છે, તે પહેલાં પેટને આરામ આપીને પાચનતંત્રને મજબૂત કરવું એ આયુર્વેદની દ્રષ્ટિએ પણ ઉત્તમ છે. મનને વિચલિત કરતા મીડિયા અને બજારોના ઘોંઘાટથી દૂર રાખી એક દિવસ ભગવાનના નામમાં લીન કરવું એ માનસિક સ્વચ્છતા છે.

આપણા વિશાળ ભારતમાં દરેક રાજ્યમાં આ પર્વની સુગંધ અલગ છે.કાશી અને ઉત્તર ભારતઃ અહીં આ દિવસથી દિવાળીનો પ્રારંભ માનવામાં આવે છે.

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

ગંગા કિનારે હજારો દીવાઓ પ્રગટે છે. લોકો માને છે કે આ દિવસે યમરાજ પણ પોતાના ચોપડા બંધ રાખે છે અને વ્રતધારીના પાપોનો હિસાબ માંડી વાળે છે.

ગુજરાત - સૌરાષ્ટ્રઃ આપણા ગુજરાતમાં રમા અગિયારસનું અનેરું મહત્વ છે. વેપારી વર્ગ આ દિવસે ચોપડા-પૂજનની તૈયારી શરૂ કરે છે. બહેનો-દીકરીઓ સવારે તુલસી વિવાહની જેમ તુલસી-શાલિગ્રામને શણગારે છે. સાંજે ઘરના આંગણે અશોકના પાનનું તોરણ અને રંગોળીમાં કમળનું ચિહ્ન બનાવવામાં આવે છે, જે લક્ષ્મીજીના આસનનું પ્રતીક છે. આ દિવસથી જ ઘરોમાં 'આવો લક્ષ્મીજી' ના ગીતો ગુંજવા લાગે છે.

બંગાળ અને ઓડિશાઃ અહીં આ દિવસે લક્ષ્મીની સાથે જગન્નાથ ભગવાનની પૂજા થાય છે. પુરીના મંદિરમાં આ દિવસે ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવે છે.

આજના ભૌતિક યુગમાં જ્યારે દિવાળી એટલે ખરીદી અને દેખાડો બની ગયો છે, ત્યારે રમા એકાદશી આપણને મૂળ તરફ પાછા વાળે છે. તે કહે છે કે પહેલા અંદરનો દીવો પ્રગટાવો, પછી બહારના દીવાઓ આપોઆપ ઝળહળશે. ધનતેરસ પર સોનું ખરીદતા પહેલા પુણ્યનો સંચય કરો. એક દિવસ મોબાઈલ, ટીવી બંધ કરી, ઉપવાસ કરી, પરિવાર સાથે કથા સાંભળવી એ પણ એક પ્રકારની લક્ષ્મી જ છે - સમયની લક્ષ્મી, શાંતિની લક્ષ્મી.



આથી જ આપણા ઋષિઓએ દિવાળીના મહાપર્વની શરૂઆત મોજ-મસ્તીથી નહીં, પણ વ્રત, ઉપવાસ અને ભક્તિથી કરી છે. રમા એકાદશી એ દિવાળીના ઉત્સવનું આત્મસ્વરૂપ છે. જે ભક્ત આ પ્રથમ પગથિયું શ્રદ્ધાપૂર્વક ચડે છે, તે દિવાળીના પાંચેય પર્વનું પૂર્ણ ફળ પામે છે અને તેના જીવનમાં કદી અંધકાર રહેતો નથી. તેના ઘરમાં લક્ષ્મી ચંચળ નહીં, પણ અચળ બનીને વસે છે.

રાઈઝિંગ સ્ટાર એશિયા કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત વૈભવ સૂર્યવંશીનો સમાવેશ, તિલક વર્મા કેપ્ટન બનશે

નવીદિલ્હી,

બીસીસીઆઈ પસંદગીકારોએ એશિયન ક્રિકેટ કાઉન્સિલ મેન્સ રાઈઝિંગ સ્ટાર એશિયા કપ ૨૦૨૬ માટે ઈન્ડિયા એ ટીમની જાહેરાત કરી છે. આ આગામી ટુર્નામેન્ટ આ વર્ષે ૧૯ થી ૨૯ નવેમ્બર દરમિયાન કતારના દોહામાં યોજાશે. આ ટુર્નામેન્ટ દેશના ઘણા યુવા ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવાની મોટી તક પૂરી પાડશે.બીસીસીઆઈ દ્વારા જાહેર કરાયેલી ટીમનું નેતૃત્વ યુવા અને અનુભવી બેટ્સમેન તિલક વર્માએ કર્યું છે. ટીમના ઉપ-કપ્તાન તરીકે રજત પાટીદારને જવાબદારી સોંપવામાં આવી છે.

આ ટીમની સૌથી મહત્વપૂર્ણ અને ખાસ વાત ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીનો સમાવેશ છે. વૈભવે તાજેતરમાં પોતાની વિસ્ફોટક બેટિંગથી ધ્યાન ખેંચ્યું છે. જોકે, ન્યુઝીલેન્ડ સામેની ટી ૨૦ શ્રેણીમાં, વૈભવને ફક્ત બે મેચ રમવાની તક મળી, જેમાં તેણે ત્રીજી ટી ૨૦ માં શાનદાર બેટિંગ કરી. ટીમમાં અભિષેક શર્મા, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), રિંકુ સિંહ, હર્ષિત રાણા અને પ્રિન્સ યાદવ જેવા ઉત્કૃષ્ટ ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.

ટુર્નામેન્ટના ફોર્મેટની વાત કરીએ તો, ઈન્ડિયા એ ટીમને ગ્રુપ બીમાં રાખવામાં આવી છે. આ ગ્રુપમાં ભારત,યુએઈ, નેપાળ અને પાકિસ્તાન એ ટીમોનો સમાવેશ થાય છે. ગ્રુપ એમાં બાંગ્લાદેશ એ, શ્રીલંકા એ, અફઘાનિસ્તાન એ અને હોંગકોંગનો સમાવેશ થશે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો સેમિફાઇનલમાં પહોંચશે. સેમિફાઇનલ ૨૬ અને ૨૭ નવેમ્બરના



રોજ રમાશે, ત્યારબાદ ફાઇનલ ૨૯ નવેમ્બર, રવિવારના રોજ રમાશે.

ભારતીય ટીમના સમયપત્રક પર નજર કરીએ તો, ભારત એ ટીમ ૨૦ નવેમ્બરના રોજ વેસ્ટ એન્ડ પાર્ક ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે નેપાળ સામે પોતાની પહેલી મેચ રમશે. ત્યારબાદ ૨૨ નવેમ્બરના રોજ ક્રિકેટની સૌથી રોમાંચક મેચોમાંની એક, ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાશે. ભારત ગ્રુપ સ્ટેજની પોતાની ત્રીજી અને અંતિમ મેચ ૨૪ નવેમ્બરના રોજ દોહા યુનિવર્સિટી ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી ગ્રાઉન્ડ ખાતે યુએઈ સામે રમશે.

રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ માટેની ભારત એ ટીમઃ અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), તિલક વર્મા (કેપ્ટન), રજત પાટીદાર (વાઇસ-કેપ્ટન), રિંકુ સિંહ, કુમાર કુશાગ્રા (વિકેટકીપર), સૂર્યાંશ શેડગે, શાહબાઝ અહેમદ, હરેશ અહેમદ, હરેશ દૂષ્ય, હરેશ અહેમદ, નરેશ કોર્પોરેશન. રાણા, પ્રિન્સ યાદવ, અરશદ ખાન

સલમાન ખાને શાહરૂખ ખાનની ફિલ્મ કિંગનું ગીત શેર કરી જન્મદિનની શુભેચ્છા આપી

મુંબઈ,

બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાને ૨ નવેમ્બરના રોજ તેમનો ૬૧મો જન્મદિવસ ઉજવ્યો. ઘણી હસ્તીઓએ સોશિયલ મીડિયા પર તેમને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. ગઈકાલે મોડી રાત્રે સલમાન ખાનના જન્મદિવસની શુભેચ્છાઓ આવી, અને શાહરૂખ ખાને પણ પ્રેમાળ પ્રતિભાવ આપ્યો. ભાઈજાનની શુભેચ્છાઓ અને કિંગ ખાનના પ્રતિભાવની સોશિયલ મીડિયા પર વ્યાપક ચર્ચા થઈ રહી છે. સલમાન ખાને શાહરૂખ ખાનને "ધ કિંગ" કહીને તેમના દિવસને ખાસ બનાવ્યો. તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા, સુપરસ્ટારે તેમની આગામી ફિલ્મ "કિંગ" નું



નવું ગીત "તુ મિલ જાયે" પણ શેર કર્યું.સલમાન ખાને ઈન્સ્ટાગ્રામ પર શાહરૂખ ખાનનું ફિલ્મ "કિંગ" નું ગીત "તુ મિલ જાયે" શેર કર્યું અને લખ્યું, "હેપ્પી બર્થડે શાહરૂખ, તું હંમેશા યુવાન રહે, 'ધ કિંગ', એ જ મારી પ્રાર્થના છે શાહરૂખ ખાને સલમાનની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી ફરીથી શેર કરી અને લખ્યું, "તમે કહ્યું હતું કે શર્ટ વિના તમારી પાસે સારું શરીર છે, તે જ માટે મેં ખૂબ મહેનત કરી. લવ યુ ભાઈ, હંમેશા.""કિંગ" ફિલ્મમાં શાહરૂખ ખાનની પ્રભાવશાળી ફિટનેસે ચાહકો અને સેલિબ્રિટીઓને બંનેને પ્રભાવિત કર્યા છે.

ઓસ્ટ્રેલિયા માટે ૨૮૬ મેચ રમનાર ઓલરાઉન્ડર મેક્સવેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

સિડની,

ક્રિકેટ જગતમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે ૩૮ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે, જે તેમની શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત છે. મેક્સવેલે પોતાની વિસ્ફોટક બેટિંગ, બોલિંગ અને ઉત્તમ ફિલ્ડિંગથી રમતમાં પોતાને અલગ પાડ્યા હતા, અને તેમને સફેદ બોલના ક્રિકેટમાં વિશ્વના સૌથી ખતરનાક ખેલાડીઓમાંના એક માનવામાં આવતા હતા. તે તાજેતરમાં ઇંટીપીએલમાં રમતા જોવા મળ્યા હતા.



ગ્લેન મેક્સવેલે ૨૦૧૨ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તેમની વિસ્ફોટક અને આક્રમક બેટિંગે તેમને ક્રિકેટની દુનિયામાં ઝડપથી સ્થાપિત કર્યા. તેમણે ૧૪૯ વનડે માં કુલ ૩૯૯૦ રન બનાવ્યા, જેમાં ચાર શાનદાર સદી અને ૨૩ અડધી સદીનો સમાવેશ થાય છે. તેમની વનડે શૈલી અત્યંત આક્રમક હતી, જેનો સ્ટ્રાઇક રેટ ૧૨૬.૭૧ હતો. તેમનો સર્વોચ્ચ વનડે સ્કોર અણનમ ૨૦૧ રન હતો, જે તેમણે ૨૦૨૩ ના વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન સામેની મહત્વપૂર્ણ ઇનિંગ્સ દરમિયાન હાંસલ કર્યો હતો.મેક્સવેલ માત્ર એક તેજસ્વી બેટ્સમેન જ નહીં પરંતુ એક શાનદાર ઓફ-સ્પિનર પણ હતા. તેમણે વનડેમાં ૭૭ અને ટી ૨૦ માં ૫૧ વિકેટ લીધી. તેમણે ફિલ્ડિંગમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. તેમને તેમના યુગના શ્રેષ્ઠ ફિલ્ડરોમાંના એક ગણવામાં આવતા હતા. ટી ૨૦ ક્રિકેટમાં, તેમણે ૧૩૦ મેચોમાં ૨,૮૯૭ રન બનાવ્યા, જેમાં પાંચ સદી અને ૧૨ અડધી સદીનો સમાવેશ થાય છે. આ ફોર્મેટમાં તેનો સ્ટ્રાઇક રેટ ૧૫૪ થી વધુ હતો. ટેસ્ટ ક્રિકેટમાં, તેણે સાત મેચ રમી અને કુલ ૩૩૯ રન બનાવ્યા, જેમાં એક સદીનો સમાવેશ થાય છે.

દક્ષિણ આફ્રિકા ટીમના ખેલાડી અને બેટિંગ કોચને આઈસીસી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ઠપકો

કેપટાઉન,

કેપટાઉનમાં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે, દક્ષિણ આફ્રિકાના બેટિંગ કોચ એશવેલ પ્રિન્સ અને ખેલાડી કાયલ વેરેનને આઈસીસી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ઠપકો આપવામાં આવ્યો છે. બંનેને દક્ષિણ આફ્રિકાના બીજા દાવ દરમિયાન ઓપનર માર્કસ એકરમેનને આઉટ કર્યા પછી બનેલી સમાન ઘટના માટે ઠપકો આપવામાં આવ્યો છે. એકરમેને બરતરફીના નિર્ણય સામે અપીલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ અમ્પાયરોએ ઇનકાર કરી દીધો, એમ કહીને કે અપીલ ૧૫-સેકન્ડની સમય મર્યાદામાં કરવામાં આવી ન હતી, અને તેથી, સમીક્ષા ઉપલબ્ધ નહોતી.

બેટ્સમેન એકરમેન પેવેલિયન પરત ફરી રહ્યો હતો, ત્યારે કોચ એશવેલ પ્રિન્સ વારંવાર અમ્પાયરો સાથે દલીલ કરતા હતા, તેમને કહેતા હતા કે સમીક્ષા લેવા માટે હજુ પણ સમય બાકી છે. દરમિયાન, ખેલાડી કાયલ વેરેને, જે મેચ માટે પ્લેઇંગ ઇલેવનમાં ન હતો, તેણે એકરમેનને બાઉન્ડ્રી લાઇનની અંદર રહેવા કહ્યું, જેના કારણે તે બહાર નીકળી ગયો. આઈસીસીએ હવે આ મામલે કડક કાર્યવાહી કરી છે. એ નોંધવું જોઈએ કે આઈસીસીએ તાજેતરમાં પાકિસ્તાન ટીમને દંડ પણ ફટકાર્યો હતો.

આઈસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રિન્સ અને વેરેને આચારસંહિતાના કલમ ૨.૮ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ નિયમ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન અમ્પાયરના નિર્ણય સાથે અસંમતિ વ્યક્ત કરવા અથવા દલીલ કરવા સાથે સંબંધિત છે. છેલ્લા ૨૪ મહિનામાં આ તેમનો પહેલો ગુનો હોવાથી, તેમના શિસ્ત રેકોર્ડમાં એક ડિમેરિટ પોઇન્ટ ઉમેરવામાં આવ્યો છે. પ્રિન્સ અને વેરીને પોતાની ભૂલ સ્વીકારી અને આઈસીસી મેચ રેફરી જવાગલ શ્રીનાથ દ્વારા લાદવામાં આવેલા દંડનો સ્વીકાર કર્યો. તેથી, આ મામલે કોઈ તપાસ કે ઔપચારિક સુનાવણીની જરૂર નહોતી.

કરીના અને સૈફ ૧૬ વર્ષ પછી 'કોફી વિથ કરણ'માં સાથે દેખાયા : બેબોએ કહ્યું હું નંબર વન હિરોઈન

મુંબઈ,

'કોફી વિથ કરણ ૯' ના ચોથા એપિસોડમાં, કરીના કપૂર તેના પતિ સૈફ અલી ખાન સાથે મહેમાન તરીકે વાપસી કરશે. કરણ જોહરના શોનું નવું ટીઝર રિલીઝ થયું છે, જેનાથી ચર્ચા જાગી છે. "ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો" સીઝન ૫ માં તાજેતરમાં સાથે દેખાયા પછી આ તેમનો બીજો સંયુક્ત દેખાવ છે. અગાઉ, ૨૦૧૦ માં, કરીના અને સૈફ "કોફી વિથ કરણ" સીઝન ૩ માં એક કપલ તરીકે સાથે દેખાયા હતા. "કોફી વિથ કરણ" ની સીઝન ૯ ખાસ બનવા જઈ રહી છે, કારણ કે કરીના કપૂર અને સૈફ અલી ખાન ૧૬ વર્ષ પછી ટોક શોમાં ફરી સાથે જોવા મળશે. કરીનાની મોટી બહેન, કરિશ્મા કપૂર પણ સલમાન ખાન સાથે શોમાં આવી છે.

કરીના કપૂર ક્યારેય કરણ જોહરને ચીડવવાની તક ગુમાવતી નથી. તેણી મજાકમાં કહે છે કે તે ખુશ છે અને રાહત અનુભવે છે કે શો તેની અંતિમ સીઝનમાં પહોંચી ગયો છે. કરીના કહે છે, "હવે આપણે કોફી વિથ કરણમાં વારંવાર આવવાની જરૂર રહેશે નહીં." કરણ કટાક્ષમાં કહે છે, "શોની છેલ્લી સીઝન અંગે તમારી સંવેદનશીલતા બદલ આભાર."

બંને મિત્રો વચ્ચેની વાતચીત દરમિયાન, સૈફ અલી ખાન કહે છે કે તેને લાગે છે કે તે શો માટે ખોટી પસંદગી છે. આ દરમિયાન, સૈફ તેમને અટકાવે છે અને કહે છે,



"હું થોડી કાસ્ટેડ છું."

પ્રોમોનો સૌથી રમુજી ક્ષણ ત્યારે આવે છે જ્યારે કરણ કરીનાને પૂછે છે કે તે હાલમાં બોલીવુડની નંબર વન અભિનેત્રી કોણ માને છે. બીજો વિચાર કર્યા વિના, કરીના પોતાની તરફ ઈશારો કરે છે અને આત્મવિશ્વાસથી કહે છે, "જે તમારી સામે બેઠી છે." સૈફ તેના જવાબ પર રમુજી ટિપ્પણી કરે છે. તે કરીનાને યાદ અપાવે છે કે હંમેશા પોતાની જાત પર કટાક્ષ કરવાને બદલે, તે બીજાઓની પ્રશંસા પણ કરી શકે છે, પરંતુ કરીના તરત જ જવાબ આપે છે, "મેં કર્યું. તમારો મતલબ શું છે?" આ વાતચીત દંપતી વચ્ચેની પરિચિત મજાકને સંપૂર્ણ રીતે કેદ કરે છે, જ્યાં કરીનાનો આત્મવિશ્વાસ અને સૈફની ઝડપી-બુદ્ધિપૂર્ણ ટિપ્પણીઓ ખૂબ જ મનોરંજક વાતાવરણ બનાવવા માટે ભેગા થાય છે.

આ કપલ પહેલી વાર ૨૦૧૦ માં "કોફી વિથ કરણ" ની ત્રીજી સીઝનમાં સાથે દેખાયું હતું, જ્યારે તેઓ ડેટિંગ કરી રહ્યા હતા. સૈફ અલી ખાન પણ પાછલી સીઝનમાં તેની માતા શર્મિલા ટાગોર સાથે દેખાયો હતો. શોના નવા એપિસોડ દર બુધવારે સાંજે ૭:૩૦ વાગ્યે જીયો હોટસ્ટાર પર પ્રસારિત થાય છે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગના નામે અજાણ્યા શખ્સે તુષાર કપૂર પાસે ૫ કરોડની ખંડણી માંગી

મુંબઈ,

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને શંકા છે કે અભિનેતા તુષાર કપૂર પાસેથી ૫ કરોડ (આશરે ૧.૫ મિલિયન) ની માંગણી કરતો ધમકીભર્યો કોલ કોઈ વ્યક્તિ તરફથી આવ્યો હતો જેણે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા હોવાનો ખોટો દાવો કર્યો હતો. અહેવાલ મુજબ, અભિનેતાને એક વ્યક્તિનો ફોન આવ્યો હતો જેણે પોતાને લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્ય "હેરી બોક્સર" તરીકે ઓળખાવ્યો હતો અને ૫ કરોડ (આશરે ૧.૫ મિલિયન) ની માંગણી કરી હતી. તુષારે આ કોલની જાણ મુંબઈ પોલીસને કરી હતી, જેના પગલે કેસ એન્ટી-એક્સટોર્શન સેલ અને ક્રાઈમ બ્રાન્ચને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટેકનિકલ ટીમે ધમકીભર્યા કોલના ઓડિયો રેકોર્ડિંગની તપાસ કરી હતી અને તેમના ડેટાબેઝમાં હેરી બોક્સરના સત્તાવાર ઓડિયો નમૂના સાથે અવાજ મેચ કર્યો હતો.

જોકે, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની પ્રારંભિક તપાસ સૂચવે છે કે આ કોલ એક બનાવટી હોઈ શકે છે. ફોન કરનાર વ્યક્તિએ "ગોલમાલ ૫" ના અભિનેતા તુષાર કપૂરને ધમકી આપવા અને પૈસા પડાવવા માટે લોરેન્સ



બિશ્નોઈ ગેંગના નામ અને ધાકધમકીનો ઉપયોગ કર્યો હોઈ શકે છે. આ ઘટના જુહુમાં અભિનેતા ટાઇગર શ્રોફ સાથે થયેલી ગોળીબારની ઘટનાના થોડા અઠવાડિયા પછી બની છે, જેની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પણ કરવામાં આવી રહી છે. અભિનેતાની ધમકીભર્યા કોલ અંગેની ફરિયાદ બાદ, કેસ ક્રાઈમ બ્રાન્ચના એન્ટી-એક્સટોર્શન સેલને સોંપવામાં આવ્યો હતો.તપાસકર્તાઓએ કોલના વોઇસ રેકોર્ડિંગની તપાસ કરી અને તેની સરખામણી "હેરી બોક્સર" ના ઉપલબ્ધ ઓડિયો નમૂનાઓ સાથે કરી.

શબ્દ શોધો

દ	ભા	સા	અ	ઈ	ણે	વ	મા	ઓ	કા	દુ	આ
ર	ઓ	પ્ર	ક	ર	ણ	વા	દુ	સા	નિ	હિ	દ
નિ	વે	દ	ન	બં	ણ	બૂ	વિ	યા	આ	એ	ગ
દ	બ	દ	બો	પ્ર	અ	સા	ધા	અ	ળ	ક	સ
ઐ	પ્ર	ધી	ઇ	ન	અ	કા	ઓ	સ	હા	ળ	ન
મો	ત	ભા	ર	સા	અ	સા	સ	મો	ણે	ર	તુ
મા	ર	ર	ત્રિ	જ	દ	સા	આ	ણિ	કે	રો	ઇ
સા	સ	વે	લી	ધો	કા	ધ	ર	સ	મો	મ	ઈ
ક્રો	ણી	ર	ણા	સા	ર	ભો	રી	ત્રિ	કો	ણ	સ
ડો	ર	ગ	સા	ચા	વા	ણ	કા	આ	ક્ષ	સ	ક
હિ	ળ	ણા	ર	ભા	બ	સા	ઓ	મા	બિ	અ	બ
મો	મો	ઐ	ળ	ણા	મ	ગ	બા	ર	બિ	મો	ખ

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

ટાઇગર શ્રોફ પર ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચે હરિયાણાની મહિલાની ધરપકડ કરી

મુંબઈ,

બોલીવુડ અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર તાજેતરમાં થયેલી ફાયરિંગની ઘટનાએ સમગ્ર ઉદ્યોગને ચોંકાવી દીધો હતો. હુમલામાં અભિનેતાને હાથમાં ઈજા થઈ હતી, જ્યારે અકસ્માતમાં તેનો ડ્રાઇવર ઘાયલ થયો હતો. ટાઇગર શ્રોફના શૂટિંગ દરમિયાન એક ઓટો-રિક્ષા ચાલક પણ ઘાયલ થયો હતો. ઘણા કલાકારોએ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી હતી. ટાઇગર શ્રોફ શૂટિંગ કેસમાં અત્યાર સુધીમાં બાર શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે, અને હવે પોલીસે વધુ એક શંકાસ્પદની ધરપકડ કરી છે.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ટાઇગર શ્રોફના શૂટિંગના સંદર્ભમાં હરિયાણાથી એક મહિલા શંકાસ્પદની ધરપકડ કરી છે. આ ધરપકડ સાથે આ કેસમાં ધરપકડનો કુલ આંકડો ૧૩ થયો છે.

મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા અનુસાર, ટાઇગર શ્રોફ શૂટિંગ કેસમાં હરિયાણાના કરનાલથી ધરપકડ કરાયેલી મહિલા ફરાર આરોપી અનિલ પંડિતની સગી છે. ૨૨ વર્ષીય મહિલાએ તેના ખાતામાંથી આરોપીને પૈસા ટ્રાન્સફર કર્યા હોવાનું માનવામાં આવે છે. મુંબઈ પોલીસે ધરપકડ કરેલી મહિલાને આવતીકાલે



કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રવિવારે કરનાલમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

કરનાલ પોલીસની મદદથી મહિલા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, અને હવે તેને મુંબઈ લાવવા માટે કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે.કરનાલ પોલીસની મદદથી મહિલા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, અને હવે તેને મુંબઈ લાવવા માટે કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે. ૧૮ ઓક્ટોબરના રોજ મુંબઈના જુહુ વિસ્તારમાં બોલિવૂડ અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૯ ઓક્ટોબરના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૯(૧), ૩(૫) અને આર્મ્સ એક્ટની કલમ ૩ અને ૨૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો અને અત્યાર સુધીમાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ગોળીબાર કરનાર અને કાવતરામાં સામેલ અન્ય લોકો સહિત ૧૩ લોકોની ધરપકડ કરી છે. આ ઘટના ત્યારે બની જ્યારે ટાઇગર ફૂટબોલ મેદાન છોડી રહ્યો હતો.

૩૬ વર્ષીય ટાઇગર શ્રોફ ઘટનામાંથી માંડ માંડ બચી ગયો. જોકે, ગોળીબારમાં અભિનેતાનો કાર ડ્રાઇવર અને નજીકમાં ઉભેલા વ્લોગર ઘાયલ થયા હતા. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. નોંધનીય છે કે ટાઇગર શ્રોફ ગોળીબાર કેસમાં તમામ આરોપીઓ સામે સ્ર્ંઝછ લાગુ કરવામાં આવ્યો છે. સ્ર્ંઝછ ની કલમ ૨૩(૧) હેઠળ સક્ષમ અધિકારી પાસેથી પરવાનગી મેળવ્યા બાદ ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ આ કાર્યવાહી કરવામાં આવી હતી, અને આરોપીઓ સામે એમસીઓસીએની કલમ ૩(૧), ૩(૨), અને ૩(૪) પણ ઉમેરવામાં આવી છે.

ન્યૂઝીલેન્ડનાં ઓકલેન્ડમા મંત્રી ઋષિકેશ પટેલની મુલાકાતઃ ઉધોગકારોની મુલાકાત ગુજરાતમાં વેપાર અને ઉદ્યોગ સ્થાપવા આપ્યું આમંત્રણ



ઓકલેન્ડ

ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામીણ ગૃહનિર્માણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે તાજેતરમાં ન્યૂઝીલેન્ડની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ ખાસ પ્રવાસ દરમિયાન તેમણે ન્યૂઝીલેન્ડમાં સ્થાયી થયેલા સ્થાનિક ભારતીય સમુદાયના અગ્રણીઓ અને અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે સાહજિક અને ફળદાયી સંવાદ કર્યો હતો.આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ન્યૂઝીલેન્ડના રોકાણકારો અને વેપારીઓને ગુજરાતમાં ઉદ્યોગ-ધંધા સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવાનો અને આમંત્રણ આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તેમજ તેમની સાથે આવેલા ઉચ્ચ આઈ.એ.એસ. (છજ્જી) અધિકારીઓ અને વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ દ્વારા એક ખૂબ જ આકર્ષક અને માહિતીપ્રદ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં ગુજરાતના વાઈબ્રન્ટ ઔદ્યોગિક માળખા, ઊર્જા ક્ષેત્રે થયેલી પ્રગતિ અને રોકાણકારો માટેની અનુકૂળ નીતિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન થયેલી ચર્ચાઓ ખૂબ જ સકારાત્મક રહી હતી. સ્થાનિક ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓએ ગુજરાતની આ ઝડપી પ્રગતિ અને રોકાણની તકોમાં ભારે રસ દાખવ્યો હતો. આ સફળ બેઠકથી ન્યૂઝીલેન્ડ અને ગુજરાત વચ્ચેના વ્યાપારી સંબંધો વધુ મજબૂત બનશે અને ભવિષ્યમાં નવા રોકાણો માટેના દ્વાર ખુલશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.આતકે ભારતીય હાઈકમિશનર મિયાનપુઇ સૈયાવી ઓકલેન્ડ નાં કોન્સ્યુલેટ જંનરલ ડો,મદન મોહન શેટી

અને ઓકલેન્ડ નાં સર્વિસ ફૂડના ડો, સુરેશભાઈ બલર, વૈષ્ણવ પરિવાર ના વિનયભાઈ મહેતા, મનોજભાઈ ચોહાણ, મેહુલભાઈ મોદી, વિજયભાઈ મોદી, કિરીટભાઇ ઠાકર, હાર્દીક દેશાઈ, સ્વપ્નિલભાઈ શાહ સહિત ના ઓએ હાજર રહી મંત્રી ઋષિકેશભાઈ પટેલ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ

રાજકોટ બોલબાલા સંસ્થાના જયેશ ઉપાધ્યાયનું 'સેવા સૌરભ સન્માન' એવોર્ડથી સન્માન



રાજકોટ,

બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃતિઓને લઈને નરસિંહજી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંસ્થાને પ્રતિષ્ઠિત "સેવા સૌરભ સન્માન" એવોર્ડ સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાને એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મણિયાર હોલ ખાતે વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં યોજાયેલ ભવ્ય સમારોહમાં બોલબાલા સંસ્થાના જયેશ ઉપાધ્યાયને 'સેવા સૌરભ સન્માન' એવોર્ડ અર્પણ કરી તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

બોલબાલા સંસ્થા વર્ષોથી સમાજના જરૂરિયાતમંદ, નિરાધાર, વંચિત, ગરીબ અને છેવાડાના માનવી સુધી મદદ પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે અનેકવિધ સેવાકીય પ્રકલ્પો ચલાવી રહી છે. સંસ્થાની વિશેષતા એ છે કે સેવા માત્ર એક ક્ષેત્ર પૂરતી મર્યાદા ન રહેતા માનવીના જીવનની વિવિધ જરૂરિયાતોને આવતી લઈને સર્વાંગી સેવા બની છે.

આ 'સેવા સૌરભ સન્માન' એવોર્ડ સન્માન સમારંભમાં હર્ષલ માંકડ, દિગેશભાઈ, હિતાક્ષુ ઝા, જિજ્ઞાસુભાઈ માંકડ, ભદ્રાયુભાઈ વચ્છરાજાની, વિપુલભાઈ પોટ સહિતના મુખ્ય આગેવાનો અને મહાનુભાવો તેમજ બોલબાલા સંસ્થાના સુરેશભાઈ મારુ, યશવંત ગોસ્વામી, રંજનબેન કોટક અને ધ્રુતિકાબેન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બોલબાલાની સેવાકીય કામગીરીને બિરદાવી સંસ્થાને પ્રોત્સાહિત કરી હતી.

સરગમ ક્લબ સંચાલિત ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

તા. ૪/૧૧/૨૬ બુધવાર નાં રોજ પઃ૩૦ કલાકે "મેલોડી કલર્સ" તા. ૫/૧૧/૨૬ ગુરુવાર નાં રોજ પઃ૩૦ કલાકે "સ્વરાગીની મ્યૂઝિકલ ગ્રુપ"દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન

રાજકોટ :સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૪/૧૧/૨૬ બુધવાર નાં રોજ પઃ૩૦ કલાકે "મેલોડી કલર્સ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૫/૧૧/૨૬ ગુરુવાર નાં રોજ પઃ૩૦ કલાકે "સ્વરાગીની મ્યૂઝિકલ ગ્રુપ" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, મનસુરઅલી ત્રિવેદી તેમજ વિજયકુમાર માલવિયા વગેર જહેમત ઉઠાવી રહ્યા છે.

ઈવનિંગ પોસ્ટ, સિનિયર સિટીઝન પાર્ક જે સરગમ કલબ રાજકોટ ધ્વારા સંચાલિત છે.

હાલ તેની બાજુમાં પુલનું કામ ચાલું થયેલ છે, જે અન્વયે ચૌધરી હાઈસ્કૂલથી જ્યુબિલી તરફનો રોડ બંધ થયેલ છે. છતાં ઈવનિંગ પોસ્ટ, સિનિયર સિટીઝન પાર્ક ચાલું છે, પાર્કમા આવવા-જવા માટે ચૌધરી હાઈસ્કૂલથી સિવિલ હોસ્પિટલવાળો રોડ તરફ જતાં જીલ્લા બેન્ક ના પાછળના ભાગમાં શેરી તરફ આવતાં ઈવનિંગ પોસ્ટ નો પાછળનો દરવાજો ખુલ્લો રહેશે. આ ઉપરાંત મુખ્ય દરવાજો પણ ખુલ્લો રહે છે, ત્યાથી આવવા - જવા માટે ઈવનિંગ પોસ્ટ ની પાછળની શેરીનો ઉપયોગ કરી શકાય છે, ત્યાં ઘણું પાર્કિંગ મળી રહેશે. ઈવનિંગ પોસ્ટ ના સભ્યો, ઓર્ગેનાઈઝરો, સિન્ગરો કે આમંત્રિત મહેમાનોને આવવા-જવા માટે કોઈ તકલીફ પડવાની નથી.

ઈફ્કોના ચેરમેન અને સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીની ICA ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે વરણી થતાં ખેતી બેંક દ્વારા ભવ્ય સન્માન





રાજકોટ

ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવેલા ઈફ્કોના ચેરમેન અને સહકારી ક્ષેત્રના દિગ્ગજ અગ્રણી દિલીપભાઈ સંઘાણીનું અમદાવાદ સ્થિત ખેતી બેંકની વડી કચેરી ખાતે ભવ્ય સ્વાગત અને સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે સહકારી પરિવાર વતી દિલીપભાઈ સંઘાણીને મોમેન્ટો અર્પણ કરી તેમની આંતરરાષ્ટ્રીય સ્તરની આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહની શરૂઆતમાં દિલીપભાઈ સંઘાણીએ બેંકની વડી કચેરીના પ્રાંગણમાં સ્થાપિત બેંકના સ્થાપક ચેરમેન પદ્મશ્રી ઉદયભાણસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ સન્માન સમારોહમાં દિલીપભાઈ સંઘાણીએ ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા તથા તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા કરાયેલા આત્મીય સ્વાગત બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે ડોલરભાઈ કોટેચાના સક્ષમ નેતૃત્વ હેઠળ ખેતી બેંક દ્વારા થઈ રહેલી ઉત્કૃષ્ટ પ્રગતિ અને સહકારી ક્ષેત્રમાં બેંકની કામગીરીની ભરપૂર પ્રશંસા કરી હતી. ઁઋછ ગ્લોબલ બોર્ડમાં દિલીપભાઈ સંઘાણીની આ પસંદગી સમગ્ર ગુજરાત અને ભારતીય સહકારી ક્ષેત્ર માટે અત્યંત ગૌરવવંતી ક્ષણ છે, જેણે આ કાર્યક્રમને સહકારી પરિવારની આત્મીયતા, એકતા અને સન્માનના પ્રતીક સમાન બનાવ્યો હતો.

લખનૌ ખાતે યોજાયેલ નેશનલ વર્કશોપમાં રાજકોટ જિલ્લા સહકારી બેંકના સીઈઓ સહભાગી થયા

રાજકોટ,

સહકારી ક્ષેત્રની તાલીમ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે લખનૌ ખાતે યોજાયેલ બ્રેઈન સ્ટોર્મિંગ વર્કશોપમાં રાજકોટ જિલ્લા સહકારી બેંકના સીઈઓ વી.એમ. સખીયા સહભાગી થયા હતા. વર્કશોપ દરમિયાન તાલીમ વ્યવસ્થાના વિકાસ માટે નાબાર્ડ અને ત્રિભુવન સહકારી યુનિ. વચ્ચે પરસ્પર સહયોગ માટે એમઓયુ કરવામાં આવેલ તેમાં રાજકોટ જિલ્લા સહકારી બેંક લી.ના સીઈઓ વી.એમ. સખીયા સહભાગી બની તાલીમ વ્યવસ્થાના સશકિતકરણ માટે



મહત્વપૂર્ણ સુચનો સાથે પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

વર્કશોપ દરમ્યાન સખીયાએ સહકારી ક્ષેત્રની તાલીમ માત્ર નિયમો પૂરતી મર્યાદિત ન રહે.

પરંતુ ખેડૂતો અને ગ્રામજનોની વાસ્તવિક જરૂરીયાતો ઓળખીને તેમને યોગ્ય સેવાઓ પૂરી પાડવા પર કેન્દ્રીત હોવી જોઈએ ડીસીસીબી અને બીએસીએસના બોર્ડ વચ્ચે નિયમીત સંવાદ અને સંકલન દ્વારા સ્થાનિક ખેતી પધ્ધતિ, ભૌગોલીક પરિસ્થિતિ અને ગઆમ્ય વ્યવસાયોને અનુરૂપ વિકાસ યોજનાઓ તૈયાર કરવાની તાલીમ આપવાની જરૂરીયાત તેમણે દર્શાવી હતી.

સખીયાએ સહકારી બેંકો અને પ્રાથમિક કૃષિ ધીરાણ મંડળીઓ (બીએસીએસ)ના કર્મચારીઓ માટે અસરકારક ધીરાણ વ્યવસ્થાન, પેકસ કોમ્પ્યુટરાઈઝેશન યોજના હેઠળ મંડળીઓનો વહીવટ ઝડપી અને પારદર્શક બને, ક્રેડીટ રિસ્ક મેનેજમેન્ટ, ડિજિટલાઈઝેશન, આરબીઆઈના નિયમો, સહકારી કાયદાઓ અને બોર્ડ વગર્નન્સ જેવા વિષયોને તાલીમમાં વિશેષ સ્થાન આપવાનું સુચવ્યુ હતું. ઉપરાંત દરેક રાજયમાં બીઆઈઆરડી જેવી તાલીમ સંસ્થાઓ વિકસાવવા અંગે પણ સૂચનો કર્યા હતા. રાજકોટ જિલ્લા સહકારી બેંકના અનુભવને રજૂ કરતા તેમણે જણાવ્યું હતું કે બેંકના ૯૮% કર્મચારીઓએ તાલીમ મેળવી છે.

રાજકોટની ગાર્ડી કોલેજ દ્વારા એમબીએના વિદ્યાર્થીઓ માટે કોર્પોરેટ કારકિર્દી અંગે માર્ગદર્શન અપાયું

રાજકોટ આણંદપર ખાતે આવેલ ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત બી. એચ. ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના એમબીએ વિભાગ દ્વારા ગાર્ડી વિદ્યાપીઠના પ્લેસમેન્ટ સેલના સહયોગથી તાજેતરમાં એમબીએ પ્રથમ સેમેસ્ટર અને ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે કોર્પોરેટ કારકિર્દી માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ સત્રમાં ટાટા એઆઈએ લાઇફ ઇન્શ્યોરન્સ કંપનીના બિઝનેસ એસોસિયેટ અતુલ ખીમાણી તેમજ વિજયભાઈ મહેતા (એડમિન હેડ) અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને વીમા અને નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને કોર્પોરેટ કલ્ચર, વ્યવસાયિક અપેક્ષાઓ, કારકિર્દીના વિવિધ માર્ગો અને કોર્પોરેટ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે જરૂરી સ્કિલ્સ અંગે મૂલ્યવાન માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એમણે વીમા અને નાણાકીય સેવાઓના ક્ષેત્રનું વધતું મહત્ત્વ, અસરકારક સંવાદ, ગ્રાહક સંબંધ વ્યવસ્થાપન અને ગ્રાહકલક્ષી અભિગમની ભૂમિકા વિશે વિસ્તૃત સમજ આપી હતી.

એક માની મનોવેદના અને અપાર પ્રેમ: "પહેલા બાળકની જગ્યા હૃદયમાં હંમેશાં ખાસ જ રહેશે..."

રાજકોટઃ

જ્યારે પરિવારમાં નવા મહેમાનનું આગમન થવાનું હોય, ત્યારે મોટા બાળકના મનમાં આવતા બદલાવ અને અસુરક્ષાના ભાવ વચ્ચે એક મા (નિધિ હિંતાંશુ નિર્મલ) પોતાના મોટા સંતાન પ્રત્યેનો અસીમ પ્રેમ વ્યક્ત કરતાં એક અત્યંત ભાવુક સંદેશ આપ્યો છે.પ્રેગ્નન્સીના આખા સમય દરમિયાન મોટા બાળકે જે રીતે ખડેપગે રહીને માતાની કાળજી રાખી છે, પ્રેમ આપ્યો છે અને સાથ આપ્યો છે, તેને યાદ કરીને મા ગદગદ થઈ ગઈ છે. માનું કહેવું છે કે, "આખી પ્રેગ્નન્સી દરમિયાન તેં મારા માટે જે કર્યું છે, જે પ્રેમ અને કાળજી રાખી છે, એ કદાચ દુનિયામાં બીજું કોઈ ન કરી શકે."નવા બાળકના આગમન ટાણે મોટા સંતાનને ખાસ આશ્વાસન આપતા આ સંદેશમાં જણાવવામાં



આવ્યું છે કે જીવનમાં ગમે તેટલા નવા સભ્યો આવે, પરંતુ મોટા બાળકની જગ્યા હૃદયમાં હંમેશાં ખાસ હતી, ખાસ છે અને ખાસ જ રહેશે. તેના માટેના પ્રેમમાં ક્યારેય કોઈ ઓટ નહીં આવે.આ અદ્ભુત અને હૃદયસ્પર્શી સંદેશ પરિવારના અતૂટ પ્રેમ અને લાગણીઓની એક સુંદર મિસાલ કાયમ કરે છે.— નિધિ હિંતાંશુ નિર્મલ

એકતા પરેડ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે SGVP ગુરુકુલની દીકરીઓએ બેગ પાઈપ બેન્ડ પ્રદર્શનથી ગૌરવ અપાવ્યું



કેવડિયાઃ

રાષ્ટ્રીય એકતા દિવસ ના શુભ અવસરે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાયેલી 'એકતા પરેડ'માં એસ.જી.વી. પી ગુરુકુલ કન્યા વિદ્યાલયની દીકરીઓએ પોતાના અદ્ભુત બેગ પાઈપ બેન્ડ પ્રદર્શનથી સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું હતું. રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર માતુશ્રી આર.ડી. વરસાણી કન્યા વિદ્યાલય (દ્રોણેશ્વર) ની આ દીકરીઓએ પોતાના ઉત્કૃષ્ટ કૌશલ્યથી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ ભવ્ય અને શિસ્તબદ્ધ પ્રદર્શન પાછળ જીજ્ઞ ગુરુકુલના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી અને દ્રોણેશ્વર કન્યા ગુરુકુળના સંતોના આશીર્વાદ તેમજ પ્રેરણા રહ્યા છે. દીકરીઓની સંગીત સાધના, સમર્પણ, શિસ્ત અને અથાક મહેનતના બળે માતુશ્રી આર.ડી. વરસાણી કન્યા વિદ્યાલયની બેગ પાઈપ બેન્ડ ટીમે માત્ર ગીર ગઢડા તાલુકા કે ગીર સોમનાથ જિલ્લાનું જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યનું નામ વિશ્વસ્તરે રોશન કર્યું છે.

સમગ્ર શિક્ષા ગુજરાત રાજ્ય તથા ગૃહ વિભાગના સંયુક્ત ઉપક્રમે અને બંને વિભાગના અધિકારી ઓના વિશેષ સહકારથી આ સફળતા શક્ય બની છે. આ ઉપરાંત, આ દીકરીઓને સજજ અને તૈયાર કરવામાં શ્રી કુવર યાદવજી તથા દલપતભાઈ ધાનાણીએ રાત-દિવસ એક કરીને અથાગ મહેનત કરી છે.રાષ્ટ્રીય એકતા પરેડમાં કન્યા વિદ્યાલયની દીકરીઓએ મેળવેલી આ ઐતિહાસિક અને અદ્વિતીય સિદ્ધિ બદલ સમગ્ર જીજ્ઞ ગુરુકુલ પરિવારે તમામ દીકરીઓ, માર્ગદર્શકો અને શિક્ષકોને ખૂબ ખૂબ ધન્યવાદ સહ અભિનંદન પાઠવ્યા છે.

રાજકોટ મનપામાં કોન્ટ્રાકટમાં કામ કરતા સફાઇ કામદારોને ભરતીમાં અગ્રતા આપો

ગેરરીતિ બદલ ઈજારદાર સામે પણ પગલા લેવા કામદાર યુનિયનની ફરી રજૂઆત

રાજકોટ,

રાજકોટ કામદાર યુનિયન દ્વારા મહાપાલિકા ખાતે ફરી મેયર અને કમિશનરને સફાઇ કામદારોની ભરતી અને કોન્ટ્રાકટ મજુર પ્રથા નાબુદી અંગે રજુઆત કરવામાં આવી છે.

યુનિયનના પારસ બેડીયા સહિતના હોદેદારો અને કામદારો ગઈકાલે આવેદનપત્ર પાઠવવા પહોંચ્યા હતા. રજુઆતમાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષોથી કોન્ટ્રાકટમાં કામ કરતા કામદારો સ્વચ્છતા અને જાહેર આરોગ્ય જાળવવામાં ઓછા વેતન, અનિશ્ચિતતા વચ્ચે સતત ફરજ બજાવી રહ્યા છે. આથી કાયમી ભરતી થાય ત્યારે વર્ષોથી કોન્ટ્રાકટમાં કામ કરતા અનુભવી કામદારોને પ્રાધાન્ય આપવું જોઈએ.

કોન્ટ્રાકટ મજુર પ્રથાની નાબુદી માટે કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. સુપ્રિમ કોર્ટે પણ આ માટે મહત્વનું માર્ગદર્શન આપેલું છે. નવા ઉમેદવારોની સીધી ભરતી કરીને અગાઉના કોન્ટ્રાકટ કામદારોને અવગણવા જોઈએ નહીં. બીન ટેકનીકલ જગ્યા માટે વય અને શૈક્ષણિક લાયકાતમાં છુટછાટ આપી શકાય છે.

લાંબા સમયથી આ રીતે કામ કરતા કામદારોને કાયમી ધોરણે નોકરી આપવા માટે કાયદામાં જોગવાઇ રહેલી છે. પહેલા પાંચ વર્ષ માટે ફિક્સ પગાર અને ત્યારબાદ કાયમીના લાભો આપી શકાય છે. મિત્ર મંડળ હેઠળ માનદ વેતનમાં કાયદાનું ઉલ્લંઘન થાય છે. તેમાં સરકારના નિયમ મુજબ તમામ લાભ આપવા જોઇએ. પગારમાં અનિયમિતતા કરતા કોન્ટ્રાકટરોને બ્લેક લીસ્ટ કરવા, કોન્ટ્રાકટના કામદારોને સીટી બસના ફ્રી પાસ આપવા, આવાસ યોજનાના લાભ આપવા, બાકી રકમ ચુકવવા અનુભવના આધારે વારસદારોને નોકરી આપવા સહિતની રજુઆત યુનિયન દ્વારા કરવામાં આવી

પુણે વિકસિત ભારતની નવી ઉર્જાને પણ દિશા આપવામાં અગ્રેસર : પીએમ મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા પુણે મેટ્રોની બહુપ્રતિક્ષિત લાઈન ૩ નું ઉદ્ઘાટન કર્યું



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા પુણે મેટ્રોની બહુપ્રતિક્ષિત લાઈન ૩ નું ઉદ્ઘાટન કર્યું. માન-હિંજેવાડીથી શિવાજીનગર સુધી ચાલતી આ મેટ્રો લાઈન, પુણેના આઈટી હબ, મુખ્ય વાણિજ્યિક અને વહીવટી વિસ્તારો વચ્ચે મુસાફરીને સરળ બનાવશે તેવી અપેક્ષા છે. જો કે, મુસાફરો માટે મેટ્રો સેવાઓ ૪ નવેમ્બરના રોજ સવારે ૬ વાગ્યે શરૂ થશે. વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન સમારોહને સંબોધતા પીએમ મોદીએ અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ માં, જ્યારે દેશે એનડીએને સેવા કરવાની તક આપી, ત્યારે અમે એક સંકલ્પ સાથે આગળ વધ્યા. આ સંકલ્પ શહેરમાં રહેતા મધ્યમ વર્ગ માટે જીવનની સરળતા અને પરિવહનની સરળતા સુનિશ્ચિત કરવાનો હતો. અને આજે આપણે તેના પરિણામો જોઈ રહ્યા છીએ. પીએમ મોદીએ કહ્યું કે આજે કોઈ શહેરનું મૂલ્યાંકન બે મુખ્ય પરિમાણો પર કરવામાં આવે છેઃ પહેલું, તે કેટલું સ્પર્ધાત્મક છે? બીજું, તેનો સરળ જીવન સૂચકાંક કેટલો ઊંચો છે? મેટ્રો પ્રોજેક્ટ્સ આ બંને પરિમાણોમાં ફાળો આપે છે, જે શહેરને વધુ કાર્યક્ષમ, સુલભ અને રહેવા માટે વધુ સારું સ્થળ બનાવે છે.

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આજનો દિવસ લોકલક્ષી, સક્રિય સુશાસનનું પણ ઉદાહરણ છે. આપણા દેશમાં પહેલી મેટ્રો ૧૯૮૪ માં ચાલી હતી. ત્યારબાદના ૩૦ વર્ષોમાં, ફક્ત ૨૪૮ કિમી મેટ્રો લાઈન બનાવવામાં આવી હતી. ૨૦૧૪ સુધીમાં, દેશના ફક્ત પાંચ શહેરોમાં મેટ્રો કાર્યરત હતી. જો એ જ જૂની વિચારસરણી, જૂની સરકાર અને જૂની કાર્ય સંસ્કૃતિ ચાલુ રહી હોત, તો મેટ્રોને પુણે પહોંચવામાં ઘણા વધુ દાયકાઓ લાગ્યા હોત.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણા શહેરો ફક્ત રહેવા માટેના સ્થળો નથી. તે દેશમાં આર્થિક પ્રવૃત્તિના મુખ્ય કેન્દ્રો પણ છે. આપણે દેશના સેંકડો નાના શહેરોને વિકાસ કેન્દ્રોમાં પરિવર્તિત કરવાની પણ જરૂર છે. આ વિઝનને ધ્યાનમાં રાખીને, આ વર્ષના ફેબ્રુઆરીમાં અર્બન ચેલેન્જ ફંડને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર આ ફંડ માટે ?૧ લાખ કરોડનું ભંડોળ પૂરું પાડી રહી છે. ધ્યેય આગામી વર્ષોમાં દેશના શહેરોમાં લાખો કરોડ રૂપિયાના રોકાણને આકર્ષિત કરવાનો છે. હું સ્થાનિક સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રના સાથીદારોને આગળ આવવા વિનંતી કરું છું.

ઉત્તરાખંડના કેદારતાલ ટ્રેક પર ભારે હિમવર્ષા વચ્ચે બંગાળના ૫ ટ્રેકર્સ સહિત ૮ લોકો ગુમ

સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા છેલ્લા ૨ દિવસથી શોધ અને બચાવ અભિયાન

ઉત્તરાખંડ

ઉત્તરાખંડના કેદારતાલ ટ્રેક પર ભારે હિમવર્ષા ને કારણે મોટો અકસ્માત સર્જાયો છે. ટ્રેકિંગ અભિયાન દરમિયાન અચાનક હવામાન ખરાબ થતાં પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લાના ૫ ટ્રેકર્સ સહિત કુલ ૮ લોકો ગુમ થયા છે. ઉત્તરાખંડ જીઠ્ઠઈહ્વ અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા છેલ્લા ૨ દિવસથી શોધ અને બચાવ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ હજુ સુધી ગુમ થયેલા લોકોનો કોઈ પત્તો મળ્યો નથી.

ગુમ થયેલા ૫ ટ્રેકર્સની ઓળખ તાપસ બાઉરી, રતન ઘોષ, રિન્ટુ મંડલ, ઉદય ઘોષ અને મનોજ ખવાસ તરીકે થઈ છે. તેમાંથી પ્રથમ ૪ બાંકુરા જિલ્લાના સાલબની ગામના રહેવાસી છે, જ્યારે મનોજ ખવાસ કેશરા ગામના રહેવાસી છે.

ગુમ થયેલા અન્ય ૩ સભ્યોમાં ૨ ઉત્તર પ્રદેશના લખનઉ અને એક ઉત્તરાખંડના ઉત્તરકાશીનો રહેવાસી છે. બાંકુરાના પાંચેય ટ્રેકર્સ ૨૪ ઓક્ટોબરે ઉત્તરાખંડ જવા રવાના થયા હતા અને નવેમ્બરની શરૂઆતમાં ઘરે પરત ફરવાના હતા.

આશરે ૪,૦૦૦ મીટરની ઊંચાઈએ આવેલા પર્વતીય વિસ્તારમાં અચાનક ભારે હિમવર્ષા થતાં અભિયાનના મોટાભાગના સભ્યો ફસાઈ ગયા હતા. ટીમના ચાર સભ્યો, જેમાં એક શેરપા અને એક સહાયકનો સમાવેશ થાય છે, ૩૦ ઓક્ટોબરે પોતાના ગંતવ્ય સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ તેમને અધિકારીઓને બાકીના ૮ સભ્યો ગુમ હોવાની જાણ કરી હતી.

છેલ્લા ૨-૩ દિવસથી તેમની સાથે કોઈ સંપર્ક થઈ શક્યો નથી. ગુમ થયેલા લોકોના મોબાઈલ ફોન પણ બંધ હોવાથી પરિવારોની ચિંતા વધી છે. હાલ તમામ ૮ સભ્યને સુરક્ષિત શોધી કાઢવા માટે બચાવ અભિયાન ચાલુ છે.

ભારતીય નૌકાદળે ૪૮ કલાકના અભિયાન બાદ અપહરણ કરાયેલા ઈરાની જહાજમાંથી ૨૦ ક્રૂ સભ્યોને બચાવી લીધા



નવી દિલ્હી,

ભારતીય નૌકાદળે ઈરાની માછીમારી જહાજ અઝીનીના તમામ ૨૦ ક્રૂ સભ્યોને બચાવવા માટે ૪૮ કલાકની કાર્યવાહીનું સંકલન કર્યું હતું. ૨૯ ઓક્ટોબરના રોજ સોમાલી ચાંચિયાઓએ તેને કબજે કર્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કામગીરી મુંબઈથી ૩,૦૦૦ કિમી દૂર અરબી સમુદ્રમાં હાથ ધરવામાં આવી હતી. કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે નૌકાદળને "સાવધાનીપૂર્વક સંકલિત કામગીરી" માટે અભિનંદન આપ્યા હતા. "ભારતીય વાયુસેનાના સમયસર સમર્થન સાથે, નોંધપાત્ર રીતે સશસ્ત્ર ચાંચિયાઓથી ક્રૂ અને જહાજનું ઝડપી સ્થાનીકરણ, અવરોધ અને સલામત મુક્તિ, ભારતીય નૌકાદળની ઉચ્ચ ઓપરેશનલ તૈયારી અને સમગ્ર પ્રદેશમાં દરિયાઈ જોખમોનો નિર્ણાયક રીતે જવાબ આપવાની ક્ષમતાને સારી રીતે દર્શાવે છે," સિંહે ઠ પર લખ્યું.

બાંગ્લાદેશમાં હિંસક વિરોધ પ્રદર્શનો દરમિયાન ફરી એકવાર ભારત વિરોધી નારા લગાવવામાં આવ્યા

નેશનલ સિટીઝન પાર્ટી દ્વારા આયોજિત રેલીમાં, "દિલ્હી કે ઢાકા? ઢાકા, ઢાકા" જેવા નારા લગાવવામાં આવ્યા



ઢાકા,

બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. જ્યારે લોકો મોંઘવારી, વીજળી કટ, ઈંધણ અને ગેસની અછત જેવા મુદ્દાઓ પર સરકાર સામે વિરોધ કરી રહ્યા છે, ત્યારે બાંગ્લાદેશના કપડા ઉદ્યોગના કામદારો તેમના વેતનમાં વધારો કરવાની માંગણી સાથે વિરોધ કરી રહ્યા છે. વાહનોમાં તોડફોડ કરવામાં આવી છે અને મુખ્ય રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા છે. જોકે, આ વિરોધ પ્રદર્શનોનું એક આશ્ચર્યજનક પાસું એ છે કે જ્યારે વિરોધ પ્રદર્શનો બાંગ્લાદેશી સરકાર વિરુદ્ધ થઈ રહ્યા છે, ત્યારે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે. ૩૦ ઓક્ટોબરના રોજ, ઢાકામાં નેશનલ સિટીઝન પાર્ટી દ્વારા આયોજિત રેલીમાં, "દિલ્હી કે ઢાકા? ઢાકા, ઢાકા" જેવા નારા લગાવવામાં આવ્યા હતા.

જ્યારે પણ બાંગ્લાદેશમાં વિરોધ શરૂ થાય છે, ત્યારે ભારત વિરોધી નિવેદનો અને સૂત્રોચ્ચાર વારંવાર કરવામાં આવે છે. આ પાછળનું એક કારણ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીના છે, જેમણે ભારતમાં આશ્રય લીધો હતો. હકીકતમાં, જ્યારે લાખો લોકો સરકારને ઉથલાવી પાડવા માટે રસ્તા પર ઉતર્યા હતા, ત્યારે શેખ હસીનાની સરકાર પડી ગઈ હતી, અને તેમને ભારતમાં આશ્રય લેવો પડ્યો હતો. તે સમયે, શેખ હસીના બાંગ્લાદેશમાં સુરક્ષિત ન હતા, તેથી ભારતે તેમને આશ્રય આપ્યો હતો. ત્યારથી, બાંગ્લાદેશના કેટલાક રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો ભારતથી નારાજ થઈ ગયા છે અને હસીનાને રક્ષણ આપવા બદલ ભારતની ટીકા કરી રહ્યા છે. તેઓ એમ પણ માને છે કે શેખ હસીનાને આશ્રય આપીને, ભારતે બાંગ્લાદેશની આંતરિક બાબતોમાં દખલ કરી છે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને ખુલ્લી ચર્ચા માટેનો પડકાર ફરી દોહરાવ્યો

નવી દિલ્હી,

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ખુલ્લી ચર્ચા' (ઓપન ડિબેટ) માટે ફરી પડકાર ફેંક્યો છે. તેમણે વડાપ્રધાનને કહ્યું કે તેઓ ડરે નહીં. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ વડાપ્રધાને વિરોધ પક્ષ પર દેશને અસ્થિર કરવા માટે વિદેશી શક્તિઓ સાથે સાંઠગાંઠ કરવાનો આરોપ લગાવ્યો હતો.

'X' (ટ્વિટર) પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ વડાપ્રધાનને પડકાર આપતા કહ્યું કે તેઓ પોતે જ ચર્ચા માટે સ્થળ અને મંચ નક્કી કરે. આ ચર્ચાનો વિષય એ હશે કે 'દેશવિરોધી કોણ છે' અને કોના વિદેશી શક્તિઓ સાથે સંબંધો છે. તેમણે કહ્યું કે આ ચર્ચા વહેલી તકે યોજાવી જોઈએ અને સૂચન કર્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત આ ચર્ચામાં નિર્ણાયક (SS) બની શકે છે.

રાહુલે કહ્યું, "આપણે બંને ત્યાં હોઈશું, મીડિયા ત્યાં હશે, દેશના યુવાનો ત્યાં હશે. ત્યાં એક ટેબલ હશે; તમે એક બાજુ બેસશો અને હું બીજી બાજુ બેસીશ. તમે જેને ઈચ્છો તેને નિર્ણાયક તરીકે નિયુક્ત કરી શકો છો. તમે મોહન ભાગવતજીને પણ નિર્ણાયક બનાવી શકો છો."

તેમણે વધુમાં કહ્યું, "આ ચર્ચામાં નાણાકીય વ્યવસ્થા અને માળખા વિશે પ્રશ્નો પૂછવામાં આવશે. જેમ કે, અમેરિકા સાથેનો સોદો કેવી રીતે થયો, શા માટે થયો અને આટલી ઉતાવળમાં કેમ કરવામાં આવ્યો? તમે એકલા હાથે આ સોદો કેમ કર્યો અને કેબિનેટને જાણ કેમ ન કરી? અદાણી કેસ કેમ બંધ કરી દેવામાં આવ્યો? એપસ્ટેઈન મામલો - અને આવા અન્ય ઘણા મુદ્દાઓ પર આપણે ખુલીને ચર્ચા કરીશું.

પંજાબમાં અકાલી દળ અને ભાજપ વચ્ચેનું ગઠબંધન દિવાળી પછી નક્કી થાય તેવી પ્રબળ સંભાવના

ભટિંડામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રેલીમાં ગઠબંધનની જાહેરાત થવાની શક્યતા

ચંદીગઢ,

આવતા વર્ષે પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ અને અકાલી દળ વચ્ચે ગઠબંધન અંગે ચર્ચાઓ ચાલી રહી છે. દરમિયાન, દિવાળીની આસપાસ બે ભૂતપૂર્વ એનડીએ સાથી પક્ષો વચ્ચે ગઠબંધન અંગે અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા છે. પીએમ મોદી પોતે આ જાહેરાત કરી શકે છે. આ જાહેરાતને ઐતિહાસિક બનાવવા માટે, ભટિંડામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એક વિશાળ રેલી યોજવાની તૈયારીઓ ચાલી રહી છે. અહેવાલ છે કે પીએમ મોદી આ રેલીમાં અકાલી દળ અને ભાજપ વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી શકે છે.

જોકે, બેઠકોની વહેંચણી અંગેની અંતિમ સ્થિતિ હજુ સ્પષ્ટ નથી. સૂત્રો સૂચવે છે કે ભાજપ ૪૫ થી ૫૦ બેઠકો પર સમજૂતી પર પહોંચી શકે છે. અકાલી દળ બાકીની બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખી શકે છે. આમ છતાં, પાર્ટીનું સત્તાવાર વલણ એ છે કે તે પંજાબની બધી ૧૧૭ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. પંજાબમાં એનડીએ સરકાર બનાવવા અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વારંવારના નિવેદનોએ આ અટકળોને વધુ વેગ આપ્યો છે.

અમિત શાહ નવ દિવસમાં બીજી વખત પંજાબમાં એનડીએ સરકાર બનાવવાની વાત કરે છે. તેમણે સૌપ્રથમ ૨૪ ઓક્ટોબરે દિલ્હીમાં યમુના કાયાકલ્પ પ્રોજેક્ટ્સના લોન્ચિંગ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. ત્યારબાદ તેમણે ચંદીગઢ વહીવટી કાર્યક્રમમાં પંજાબમાં એનડીએ સરકાર બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. નોંધપાત્ર રીતે, તેમણે તેમના ભાષણની શરૂઆતમાં જ પંજાબમાં એનડીએ સરકારનો ઉલ્લેખ કર્યો.

ભારતે ઓમાનમાં ભારતીય ધ્વજવાળા જહાજ ઉપર થયેલા હુમલાની કડક નિંદા કરી

નવીદિલ્હી,

ઓમાનમાં ભારતીય ધ્વજવાળા જહાજ પર થયેલા હુમલા અંગે ભારતે કડક વલણ અપનાવ્યું છે. આ ઘટનાની નિંદા કરતા ભારતે કહ્યું છે કે આવા હુમલા બંધ થવા જોઈએ. જે જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો તેનું નામ સ્જીફ અલ જુસુફી રાખવામાં આવ્યું છે. હુમલા સમયે તે ઓમાનના દરિયાકાંઠા નજીકથી પસાર થઈ રહ્યું હતું. એ નોંધવું જોઈએ કે ભારત સહિત ઘણા દેશોએ વારંવાર વિનંતી કરી છે કે વ્યાપારી જહાજોને નિશાન બનાવવામાં ન આવે. જો કે, તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ઓમાનના લિમાહ નજીક વાણિજ્યિક જહાજ 'સ્જીફ અલ જુસુફી' પર થયેલા હુમલાની ભારત નિંદા કરે છે. તેમાં સવાર ૧૪ ભારતીય નાગરિકોમાંથી ૧૩ને બચાવી લેવામાં આવ્યા હતા, પરંતુ એક ભારતીય નાગરિકનું ઈજાઓને કારણે દુઃખદ મૃત્યુ થયું હતું. અમે કિંમતી જીવ ગુમાવવા બદલ ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. ઓમાનમાં અમારું દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. બચાવાયેલા ભારતીય નાગરિકો અને મૃતકોના અવશેષોને વહેલા સ્વદેશ પરત લાવવા માટે ઓમાની સત્તાવાળાઓ સાથે સંકલન ચાલી રહ્યું છે.

ભારતે વાણિજ્યિક જહાજો પર હુમલાઓની શ્રેણી પર ચિંતા વ્યક્ત કરી. વિદેશ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત તણાવ ઓછો કરવા અને આ મુદ્દાના રાજદ્વારી ઉકેલની વિનંતી કરે છે.

મધ્યસત્ર ચૂંટણી પહેલાં અમેરિકામાં ગેસના ભાવમાં ૧૭ સેન્ટનો ઘટાડો

છેલ્લા કેટલાક મહિનાઓનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો; રાષ્ટ્રીય સરેરાશ ભાવ ઘટીને $4.12 પર પહોંચ્યો

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સમાં ગેસોલિનના સરેરાશ ભાવમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન પ્રતિ ગેલન ૧૭.૧ સેન્ટનો ઘટાડો થયો છે, જે છેલ્લા કેટલાક મહિનાઓમાં જોવા મળેલો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો છે. ઈંધણના ભાવ પર નજર રાખતા પ્લેટફોર્મ 'ગેસબડી' (ય્હજમ્ઙ્ઘઙ્ઘઅ) દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા અનુસાર, હવે રાષ્ટ્રીય સરેરાશ ભાવ પ્રતિ ગેલન ઈં૪.૧૨ છે.

ગેસના ભાવ એક મહિના પહેલાની સરખામણીમાં પ્રતિ ગેલન ૨૪.૭ સેન્ટ ઓછા છે. જોકે, તાજેતરના આ ઘટાડા છતાં, ભાવ ગયા વર્ષની સરખામણીમાં હજુ પણ નોંધપાત્ર રીતે ઊંચા છે. ગેસોલિનનો રાષ્ટ્રીય સરેરાશ ભાવ ગયા વર્ષના આ જ સમયગાળાની સરખામણીમાં હજુ પણ પ્રતિ ગેલન ઈં૧.૧૩ વધુ છે. આ દર્શાવે છે કે તાજેતરના સાપ્તાહિક ઘટાડા છતાં, અમેરિકન વાહનચાલકોએ ઈંધણ માટે વધુ કિંમત ચૂકવવી પડી રહી છે.

અમેરિકામાં ગેસના ભાવ ગયા વર્ષની સરખામણીમાં ઈં૧.૧૩ વધુ છે. ગેસોલિનના ભાવમાં આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકનો યુએસ મિડટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં મતદાન કરવાની તૈયારી કરી રહ્યા છે. ચૂંટણી પ્રચારમાં 'જીવનનિર્વાહનો ખર્ચ' (cost of living) એક મુખ્ય મુદ્દો બની ગયો છે, જેના કારણે ઈંધણના ભાવ મતદારો માટે ચિંતાનો મહત્વનો વિષય બન્યા છે. તાજેતરના આ ઘટાડાથી એવા વાહનચાલકોને થોડી રાહત મળી શકે છે જેઓ ઈંધણના ઊંચા ખર્ચનો સામનો કરી રહ્યા હતા. જોકે, રાષ્ટ્રીય સરેરાશ ભાવ હજુ પણ એક વર્ષ પહેલાના સ્તર કરતા ઊંચા છે.

રશિયાએ દક્ષિણ યુક્રેનમાં સહાય કેન્દ્ર અને આશ્રયસ્થાન પર કરેલા બોમ્બમારામાં ૨૪ લોકો માર્યા ગયા



કિવ,

દક્ષિણ યુક્રેનમાં રશિયાએ એક સહાય વિતરણ કેન્દ્ર અને પડોશી આશ્રયસ્થાન પર બોમ્બમારો કર્યો હતો, જેમાં ૨૪ લોકો માર્યા ગયા હતા, એમ યુક્રેનની કટોકટી સેવા એજન્સીએ જણાવ્યું હતું.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ૧૦ માર્ગદર્શિત બોમ્બ એક એવા વિસ્તારને નિશાન બનાવી રહ્યા હતા જેમાં માનવતાવાદી સહાય વિતરણ માટે ઉપયોગમાં લેવાતી એક શાળાની ઈમારત અને નજીકના આશ્રયસ્થાનનો સમાવેશ થાય છે.

"આ વધુ પુરાવો છે કે રશિયા કોઈ તણાવ ઓછો કરવા માંગતું નથી," ઝેલેન્સકીએ કહ્યું.

દક્ષિણ ઝાપોરિઝ્ઝિયા પ્રદેશના કોમિશુવાખા ગામમાં હુમલાઓ સોમવારે દેશના દક્ષિણમાં એક અલગ પ્રદેશ, ખેરસનમાં મર્યાદિત યુદ્ધવિરામ સમાપ્ત થતાં થયા હતા. મર્યાદિત યુદ્ધવિરામ કરારે રશિયાના કબજા હેઠળના પ્રદેશમાં ફ્રન્ટ-લાઈન વિસ્તારોમાં માનવતાવાદી સહાય અને સ્થળાંતર મિશનને મંજૂરી આપી હતી. "એક ક્ષણ આવી હતી જ્યારે આગળના પગલાં બતાવી શક્યા હોત કે શાંતિ તરફ પ્રગતિ શક્ય છે," ઝેલેન્સકીએ કહ્યું. "આ હત્યાઓ સાથે, રશિયા સંપૂર્ણપણે વિપરીત સંકેત મોકલી રહ્યું છેઃ રશિયા વધુ હત્યાઓ પર ગણતરી કરી રહ્યું છે."

સ્થાનિક અધિકારીઓ દ્વારા ઓનલાઈન પોસ્ટ કરાયેલા ફોટા અને વિડિયો અનુસાર, કોમિશુવાખામાં રાત પડતાં જ, કટોકટીના પ્રતિભાવ આપનારાઓએ તૂટી પડેલી ઈમારતોના કાટમાળમાંથી શોધવા માટે ફ્લેશલાઈટનો ઉપયોગ કર્યો. આ અધિકારીઓ કહે છે કે લગભગ ૨૦ લોકો ગુમ થયા છે અને મૃત્યુઆંક વધી શકે છે.

યુક્રેનના અન્ય વિસ્તારોમાં, અધિકારીઓએ અનેક રશિયન ડ્રોન હુમલાઓની જાણ કરી હતી જેમાં ઓછામાં ઓછા ૧૭ લોકો ઘાયલ થયા હતા.

અગાઉ, યુક્રેન અને રશિયાના રહેવાસીઓને સરકાર દ્વારા સંચાલિત મોબાઈલ એપ્લિકેશનોમાંથી નકલી કટોકટી ચેતવણીઓ મળી હતી જે હેક કરવામાં આવી હતી, બંને દેશોના અધિકારીઓએ જણાવ્યું હતું.

ભારતના બાયોફાર્મા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને બાયોઈકોનોમી વૃદ્ધિને વેગ આપવા બેઠક યોજાઈ

બાયોફાર્મા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે નિયમનકારી સુધારાઓ અને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે ચર્ચા

નવી દિલ્હી

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે નવી દિલ્હીના વાણિજ્ય ભવન ખાતે "ભારતની બાયોઈકોનોમી તકઃ નવીનતા અને વૃદ્ધિને આગળ ધપાવવામાં સ્ટાર્ટઅપ્સની ભૂમિકા" પર એક ઉચ્ચ-સ્તરીય રાઉન્ડટેબલની અધ્યક્ષતા કરી હતી. નીતિ આયોગ અને નીતિ ફ્રન્ટિયર ટેક હબના સહયોગથી ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા આયોજિત, આ રાઉન્ડટેબલમાં ભારતની બાયોઈકોનોમીના વિકાસને વેગ આપવાના પગલાં પર વિચારમંથન કરવા માટે નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગના અગ્રણીઓ અને બાયોફાર્મા સ્ટાર્ટઅપ્સ એકઠા થયા હતા.

પોતાના સંબોધનમાં, શ્રી પીયૂષ ગોયલે દેશને બાયોઈકોનોમીમાં વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાપિત કરવા માટે ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાઓ અને સાહસિક પ્રતિભાનો ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઝડપી મંજૂરીઓ, નાણાંની સુધારેલી પહોંચ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મજબૂત ઉદ્યોગ-એકેડેમિયા-સરકાર સહયોગના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે રાઉન્ડટેબલમાંથી મળતી ભલામણો પર સમયબદ્ધ કાર્યવાહી માટે પણ આહ્વાન કર્યું હતું.

ચર્ચાઓમાં સુવ્યવસ્થિત નિયમો, ઝડપી મંજૂરીઓ, એક પ્રસ્તાવિત રેગ્યુલેટરી સેન્ડબોક્સ, સિંગલ વિન્ડો ક્લિયરન્સ, વૈશ્વિક નિયમનકારી સંરેખણ અને સરળ પેટન્ટ અરજી પ્રક્રિયાઓ દ્વારા બાયોફાર્મા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માં જાહેર કરાયેલ બાયોફાર્મા શક્તિના મહત્વ પર પણ ચર્ચા કરવામાં આવી હતી, સાથે જ ખર્ચ ઘટાડવા અને સ્ટાર્ટઅપ્સને તેમની નવીનતાઓને વિસ્તૃત કરવા સક્ષમ બનાવવા માટે પ્રયોગશાળાઓ, પરીક્ષણ સુવિધાઓ અને ક્લિનિકલ ટ્રાયલ સુવિધાઓ સહિત સાઝા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની જરૂરિયાત પર ચર્ચા થઈ હતી.

નીતિ આયોગના માનનીય ફેલો, સુશ્રી દેબજાની ઘોષે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બાયોઈકોનોમીના નિર્માણમાં સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગ, એકેડેમિયા અને સરકાર વચ્ચેના સહયોગના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

રીબડા પેટ્રોલ પંપ નજીક ફાયરિંગની ચકચારી ઘટનાના ફરિયાદીને મારી નાખવાની ધમકી

જેલમાં બંધ આરોપી હાદકસિંહે ફોન અને વોટ્સએપ કોલ દ્વારા કેસ પાછો ખેંચી લેવા દબાણ કર્યું

ગોંડલ : રીબડામાં નેશનલ હાઈ-વે પર આવેલા 'રીબડા પેટ્રોલિયમ' ખાતે ગત ૨૪ જુલાઈ, ૨૦૨૫ના ફાયરીંગ કરાવનાર જેલમાં બંધ રહેલા હાદકસિંહે જાડેજાએ જેલમાંથી ફોન તથા વોટ્સઅપ કોલ કરી સિંધાવદર ગામના વતની અજયસિંહ હરશ્યામસિંહ જાડેજાને ફાયરિંગ કેસની ફરિયાદ પાછી ખેંચી લેવાની ધાક ધમકી આપતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સિંધાવદર ગામના વતની અજયસિંહ હરશ્યામસિંહ જાડેજા એક માસ દોઢ માસ પહેલા તારીખ ૨૫/૦૯ના રોજ રાત્ર રીબડા ગામે પોતાના કામ અર્થે ગયેલા હતા, ત્યારે તેમના મિત્રના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન ઉપાડતાં જ સામા છેડેથી વાત કરી રહેલા ગોંડલ જેલમાં બંધ હાદકસિંહ જાડેજાએ ગાળો આપી ધમકી આપી હતી કે, તેં ફાયરિંગની જે મારા પર ફરિયાદ કરી છે તે પાછી ખેંચી લેજે. હું જેલમાંથી પેરોલ જામીન પર આવીશ અને ભાડૂતી શૂટરો રોકીને તમારી ઉપર ફરીથી ફાયરિંગ કરાવીને જાનથી મારી નાખીશ. ત્યારબાદ રાત્રે સાડા દસેક વાગ્યાના અરસામાં અન્ય અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સઅપ કોલ આવ્યો હતો.એ વેળા અજયસિંહે સતર્કતા દાખવી બીજા ફોનમાં વાતચીતનું રેકોડગ કરી લીધું હતું. આ કોલમાં પણ આરોપી હાદકસિંહે અજયસિંહ તેમજ તેમના મિત્ર રાજદિપસિંહ, તેમના પિતા અને દાદાને પણ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે ફાયરિંગ કેસમાં અજયસિંહ જાડેજા મુખ્ય સાક્ષી તરીકે જોડાયેલા છે. આ બાબતનો ખાર રાખીને જેલમાં બંધ આરોપી હાદકસિંહે કેસ પાછો ખેંચાવવા માટે આ ધમકીભર્યા ફોન કર્યા હતા.

આરોપી હાદકસિંહ ગંભીર પ્રકારના ખૂન અને ફાયરિંગ જેવા ગુનાઓમાં જેલમાં બંધ હોવાથી અને અત્યંત માથાભારે શખ્સ હોવાથી અજયસિંહ તેના ડરના કારણે અત્યાર સુધી પોલીસ સ્ટેશને ફરિયાદ કરવાગયા ન હતા પરંતુ તાજેતરમાં આરોપી હાદકસિંહ જાડેજાના પેરોલ જામીન અદાલત દ્વારા ના-મંજૂર કરવામાં આવતાં, અજયસિંહે હિંમત દાખવીને કોલ રેકોડગના પુરાવા સાથે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની આગળની વધુ તપાસ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ રાજદિપસિંહ જાડેજાએ તપાસ હાથ ધરી જેલમાં બંધ રહેલા કેદી પાસે મોબાઈલ ક્યાંથી આવ્યો અને કોલ કેવી રીતે કરવામાં આવ્યો તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવી છે.

સુરેન્દ્રનગરમાં સમાધાનના બહાને બોલાવીને યુવકની હત્યા

પિતાએ પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી, તપાસ તેજ





સુરેન્દ્રનગર:

સુરેન્દ્રનગરના નિર્મળનગરમાં જૂના મનદુ:ખને પગલે હાર્દિક ભરતભાઈ સાતંલપરા પર છરીથી હુમલો થયો હોવાનો આક્ષેપ છે. હુમલામાં હાર્દિકનું મોત થયું. તેના પિતાએ એ ડિવિઝન પોલીસ મથકે પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, હાર્દિકે આશરે દોઢ વર્ષ પહેલાં મનીષા નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. બંને ટી.બી. હોસ્પિટલ પાછળ નિર્મળનગરમાં રહેતા હતા. આશરે ૧૫ દિવસ પહેલાં બોટાદ જિલ્લાના બોરડી ગામનો અંકિત નામનો યુવક આસ્થા નામની યુવતીને ભગાડીને સુરેન્દ્રનગર લાવ્યો હતો. હાર્દિકે બંનેને પોતાના ઘરે આશરો આપ્યો હતો. આ બાબતે યુવતી પક્ષના લોકો સાથે મનદુ:ખ અને બોલાચાલી થઈ હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ૨ નવેમ્બરની રાત્રે હાર્દિકનો મિત્ર આનંદ રાતોજા અને કાનાભાઈ ભરવાડ કુંતુનાથ દેરાસર પાસે હતા. ત્યારે રવિ રાજુભાઈ ઝીઝુવાડિયાનો ફોન આવ્યો હતો. તેણે બંનેને નિર્મળનગરમાં સચીન દુધલિયાના ઘર પાસે સમાધાન માટે બોલાવ્યા હતા.

ત્યારબાદ હાર્દિકના કાકા શૈલેશભાઈ તેને મોટરસાઇકલ પર બેસાડીને ત્યાં લઈ ગયા હતા. ત્યાં રવિ ઝીંઝુવાડિયા, સચીન દુધલિયા, રોહિત ઉર્ફે ભાણો કોરડીયા, પિન્ટુ ઉર્ફે બોદીયો ગાડલિયા અને અન્ય લોકો હાજર હતા.ફરિયાદ મુજબ, હાર્દિક પર છરીથી હુમલો કરાયો હતો અને અન્ય લોકોએ તેને ઢીકાપાટુનો માર માર્યો હતો. હાર્દિક નીચે પડી જતાં આનંદ, કાનાભાઈ અને શૈલેશભાઈએ વચ્ચે પડી તેને છોડાવ્યો હતો. હુમલો કરનારા ત્યાંથી નાસી ગયા હતા.

હાર્દિકને મોટરસાઇકલ પર ટી.બી. હોસ્પિટલ લઈ જવાયો હતો. ફરજ પરના તબીબે તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. તેના પિતા ભરતભાઈ સાતંલપરા સહિત પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા હતા.

હાર્દિકના પિતા ભરતભાઈ નાથાભાઈ સાતંલપરાએ રવિ રાજુભાઈ ઝીંઝુવાડિયા, સચીન જીવણભાઈ દુધલિયા, રોહિત ઉર્ફે ભાણો ચકાભાઈ કોરડીયા, પિન્ટુ ઉર્ફે બોદીયો નિલેશભાઈ ગાડલિયા અને રણજીત લાલાભાઈ ઝીંઝુવાડિયા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં સમાધાનના બહાને બોલાવી, એકસંપ થઈ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે પુત્રની હત્યા કર્યાનો આક્ષેપ કરાયો છે.એ ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓ સામે કાર્યવાહી શરૂ કરી છે.

રાજકોટમાં પાટીદાર પરિણીતાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

સાસરિયાએ સુસાઈડ નોટ ગાયબ કર્યાનો આક્ષેપ, બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી

રાજકોટ:રાજકોટમાં રહેતી ૩૭ વર્ષીય પાટીદાર પરિણીતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી. પતિના આડાસંબંધ અને સાસરિયાઓના ત્રાસથી અંતિમ પગલું ભર્યાનો પિયરિયાઓએ આક્ષેપ કર્યો. મૃતકે લખેલી સુસાઈડ નોટ પણ સાસરિયાઓ ગુમ કરી દીધાનો આક્ષેપ કરાયો. મૃતકના ૧૭ વર્ષ પહેલા લગ્ન થયા હતા. પરિણીતાના મોતના કારણએ બે માસૂમ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે.રાજકોટના યુનિવર્સિટી રોડ પર આવેલા યોગીપાર્કમાં રહેતા તરુણાબેન ભીમાણી (૩૭)એ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધ.સાસરિયાના અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસ અને પતિના અનૈતિક સંબંધો તેમજ મારકૂટથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનો આરોપ પિયરીયાઓએ આક્ષેપ કર્યો છે. હાલ પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



મૃતકનાં ભત્રીજા મિલનભાઈએ જણાવ્યું હતું કે, ફૈબા તરુણાબેન ભીમાણીનાં લગ્ન અંદાજે ૧૭ વર્ષ અગાઉ રાજકોટનાં બેચરભાઈ ભીમાણી સાથે થયાં હતાં અને તેમનાં માવતર બોડીઘોડી,પડધરીમાં છે. માતા મોટી ઉંમરના છે અને પિતાનું વર્ષો પહેલાં અવસાન થયું છે.સગો ભાઈ ન હોવાથી પરિવારમાં આધારરૂપ કોઈ મોટું વડીલ નથી. આ કારણે સાસરિયાઓ દ્વારા તેમનો સતત ફાયદો ઉઠાવવામાં આવતો હતો. છેલ્લા કેટલાક સમયથી પરિણીતાના પતિને અન્ય યુવતી સાથે અનૈતિક સંબંધો હોવાની શંકા અને માહિતીને કારણે ઘરમાં સતત વિવાદ રહેતો હતો.

પતિના આ અનૈતિક સંબંધોનો વિરોધ કરવાને કારણે તેમજ ઘરકામ બાબતે સાસુ, સસરા અને નણંદ ચંદુબેન સહિતના પરિજનો દ્વારા અવારનવાર શારીરિક તથા માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. છેલ્લા ત્રણ-ચાર વર્ષથી તો પરિણીતાના ઘરમાં અસહ્ય ત્રાસ અને કંકાસનું વાતાવરણ રહેતું હતું. સાસરિયાઓ દ્વારા નાની-નાની બાબતોમાં પરિણીતાને તથા તેના બાળકોને પણ મારપીટ કરવામાં આવતી હતી. આ બાબતે અનેક વખત સમાજના આગેવાનો અને પરિવારજનો દ્વારા સાસરિયાઓને સમજાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં તેમની માનસિકતામાં કોઈ જ ફેરફાર આવ્યો ન હતો અને પરિણીતાને સતત ટોર્ચર કરવામાં આવતી હતી.

વધુમાં તેમણે જણાવ્યું કે, ફૈબાએ ઘરમાં જ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યા બાદ સાસરિયાઓએ તાત્કાલિક પોલીસને કે કાયદાકીય વહીવટી તંત્રને જાણ કરવાના બદલે પુરાવાઓ છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. પતિ ગિરિરાજ હોસ્પિટલમાં મૃતદેહને લઈ ગયા હતા. આટલું જ નહીં, પરંતુ ઘટનાસ્થળે મૃતકે પોતાના હાથે લખેલી સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેને મૃતકનાં નણંદ ત્યાંથી છાનામાના કે ચતુરાઈપૂર્વક પોતાની સાથે લઈ ગયા હોવાનો આક્ષેપ પણ તેમણે લગાવ્યો છે. આ સ્યુસાઈડ નોટમાં સાસરિયાઓ દ્વારા આપવામાં આવતા ત્રાસની તમામ હકીકતો સ્પષ્ટપણે લખેલી હોવાથી તેને ગાયબ કરી દેવામાં આવી હોવાનો આરોપ લગાવી આ મામલે તટસ્થ તપાસ કરી ન્યાય આપવાની માંગ તેમણે કરી છે.

મોરબીમાં ૭.૨૬ કરોડના શંકાસ્પદ બેન્ક વ્યવહારો અંગે પાંચની ધરપકડ

મોરબી :

મોરબીમાં ૭.૨૬ કરોડની માતબર રકમના શંકાસ્પદ વ્યવહારો અંગે મોરબી સાયબર ક્રાઈમ પોલીસે ૧૧ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી એકાઉન્ટ ભાડે આપનાર પાંચ શખ્સો હિતેશ મોહન પૈજા, ભાવેશ પ્રાણલાલ રામાવત, બળવંત દેવશીભાઈ વામજા, પ્રકાશ નર્મદાશંકર જોશી, અશ્વિનસિંહ દોલુભા ઝાલાને ઝડપી લીધા છે. કરોડોના સાયબર ફ્રોડના શંકાસ્પદ વ્યવહારોના ગુનામાં મુખ્ય મનાતો આરોપી ચેતન મોરબી શહેર ભાજપ મહિલા મોરચાના પૂર્વ મહિલા મંત્રીનો પુત્ર છે.

સાયબર ક્રાઈમ પોલીસ સબ ઈન્સપેક્ટર યજ્ઞોશકુમાર વ્યાસે મોરબીના ચેતન કિશોર પલાણ, રાજુ બાબુભાઈ જોષી, ભરત બારડ ઉર્ફે ભરત રાવળ, હિતેશ મોહન પેજા, ભાવેશ પ્રાણલાલ રામાવત, બળવંત દેવશી વામજા, પ્રકાશ નર્મદાશંકર જોષી, કિરણ કાન્તિ પરમાર, કાન્તિ તરસી પરમાર, સુરેશ કાન્તિ પરમાર અને અશ્વિનસિંહ દોલુભા ઝાલા મળી કુલ અગિયાર શખ્સો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ચેતન, રાજુ અને ભરતે કાવતરું રચી અન્ય આઠ વ્યકિતઓને એજન્ટ બનાવી તેના બેંક ખાતામાં તા. ૦૧-૦૧-૨૦૨૩ થી તા. ૨૭-૧૨-૨૦૨૫ દરમિયાન કુલ રૂ ૭,૨૬,૨૦,૨૬૬ ના શંકાસ્પદ વ્યવહાર કર્યા હતા. આ રકમ અલગ અલગ બેંક ખાતામાં જમા કરી બાદમાં જુદા જુદા ખાતામાથી વિડ્રો કરી હતી. આ બાબતે સમન્વય તથા એનસીસીપી પોર્ટલમાં અલગ અલગ રાજ્યની ૪૧ ફરિયાદો થઈ હતી. જેમાં રૂ ૧,૩૪,૫૩,૭૯૬ની રકમના ટ્રાન્ઝેકશન કરી આથક લાભ મેળવ્યાની પણ ફરિયાદ નોંધાઈ છે.

આ પ્રકરણમાં મજૂરી કરનાર સામાન્ય પરિવારના યુવાનોને એક લાખના ટ્રાન્ઝેકશન પર ૧% કમિશનની લાલચ આપવામાં આવી હતી. આ બાબતે મોરબી સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી પાંચ આરોપીઓને ઝડપી લીધા છે. કરોડોના સાયબર ફ્રોડના શંકાસ્પદ વ્યવહારોના ગુનામાં મુખ્ય મનાતો આરોપી ચેતન મોરબી શહેર મહિલા મોરચાના પૂર્વ મંત્રીનો પુત્ર છે. તાજેતરમાં મહિલા કોર્પોરેટરના પતિ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે અને હવે ભાજપનાં એક હોદ્દેદારના પુત્રનું કરોડોના સાયબર ફ્રોડ-શંકાસ્પદ વ્યવહારોમાં નામ ખુલ્યું છે જેથી રાજકીય ગણગણાટ શરુ થયો છે.

સરાઝા હોટલના માલિકની પણ પોલીસ પૂછપરછ કરશે

રાજકોટ : રાજકોટના ડેકોરા ગ્રુપના ચિરાગ પટેલનાં જન્મદિવસની ઉજવણીને અનુલક્ષીને કાલાવડ રોડ પરની સરાઝા હોટલમાં દારૂ અને હુક્કાની પાર્ટી યોજાઈ હતી. જ્યાંથી કુલ ૩૮ શખ્સો નશાખોર હાલતમાં મળી આવ્યા હતા. આ કેસમાં હવે હોટલના માલિકની પૂછપરછ કરવાનો પોલીસે નિર્ણય લીધો છે.



તપાસ કરનાર માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ કૈલાએ જણાવ્યું કે ટૂંક સમયમાં હોટલના માલિકની પણ પૂછપરછ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પોલીસ હોટલના માલિકને આ પાર્ટી વિશે જાણ હતી કે કેમ તે વિશે માહિતી મેળવવા માગે છે. આ સિવાયના બીજા પ્રશ્નો પણ પોલીસ પૂછે તેવી સંભાવના છે.હોટલમાં આ રીતે દારૂની પાર્ટી યોજવા કઈ રીતે સહમતી અપાઈ તેવા સવાલો શરૂઆતથી જ ઉઠી રહ્યા છે. હોટલનું લાયસન્સ સસ્પેન્ડ કે રદ કરવાની માગણીઓ પણ થઈ રહી છે. જેની સામે પોલીસનું કહેવું છે કે પોલીસ પાસે હવે હોટલના લાયસન્સ સસ્પેન્ડ કે રદ કરવાની સત્તા જ રહી નથી. એટલે આ બાબતે પોલીસની કોઈ ભૂમિકા રહેશે નહીં.બહુચર્ચીત પાર્ટીમાંથી ૩૩ મહિલાઓ મળી આવી હતી. જેના બ્રેથ એનેલાઈઝર રિપોર્ટ નેગેટીવ આવ્યા બાદ પોલીસે સિવિલમાં લઈ જઈ બ્લડ સેમ્પલ લેવડાવ્યા હતા. આ તમામ મહિલાઓને પણ ટૂંક સમયમાં પોલીસ પૂછપરછ માટે તેડું મોકલશે.

સાફસફાઈ વખતે ટેબલના ડ્રોઅરમાંથી કરંટ લાગતાં વિદ્યાર્થીનું મોત

રાજકોટ:દિવાળીની સાફસફાઈ દરમિયાન લાગેલા વીજકરંટે એક પરિવારનો એકનો એક દીકરો છીનવી લીધો છે. રાજકોટના ગાયત્રીનગરમાં રહેતા સોની દંપતીના ૨૧ વર્ષના પુત્રનું ઢોલરામાં જૂના મકાને સફાઈ કરતી વખતે વીજકરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. MBAનો અભ્યાસ કરતા મૂળ ઢોલરાના અને હાલ ગાયત્રીનગરમાં રહેતા અક્ષય નીતિનભાઈ પાટડિયા-સોની (ઉ.વ.૨૧) સોમવારે માતા-પિતા સાથે ઢોલરા ગામે જૂના મકાને સફાઈ કરવા ગયો હતો. દરમિયાન ટેબલના ડ્રોઅરમાંથી વીજકરંટ લાગતાં તે બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું.

ચુલી ગામ પાસે દારૂ ભરેલું કન્ટેનર ટ્રક ઝડપાયું

કારથી પાયલોટિંગ થતું હતું; ૯૦.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત, સાત સામે ગુનો

સુરેન્દ્રનગર:

દિવાળી પહેલાં રાજકોટ રેન્જ પોલીસે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા હાઈવે પર વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ટ્રક પકડ્યું. પોલીસે ટ્રક સહિત કુલ ૯૦,૪૭,૧૭૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.રાજકોટ રેન્જના આઈજી નીલિપ્ત રાયની ટીમને બાતમી મળી હતી કે માલવણ તરફથી દારૂ ભરેલું ટ્રક ધ્રાંગધ્રા તરફ આવી રહ્યું છે. આ બાતમીના આધારે ટીમે ચુલી ગામ પાસે વોચ ગોઠવી હતી.



જીજે ૨૫ યુ ૬૮૦૫ નંબરનું ટ્રક આવતા પોલીસે તેને રોકીને તપાસ્યું. ઘાસની ગાંસડીઓની આડમાં વિદેશી દારૂની ૧૭,૩૦૪ બોટલો મળી આવી. તેની કિંમત ૭૫,૪૧,૬૭૬ રૂપિયા છે. પોલીસે ટ્રકચાલક અબ્બાસ હુસેનભાઈ હિંગોરા, જે ભાણવડનો રહેવાસી છે, તેની ધરપકડ કરી. ટ્રકની કિંમત ૧૫ લાખ રૂપિયા, મોબાઈલની કિંમત ૫ હજાર રૂપિયા અને રોકડા ૧,૫૦૦ રૂપિયા સહિત કુલ ૯૦,૪૭,૧૭૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત થયો.

પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે ટ્રકમાલિક રાજુભાઈ ખીમાભાઈ કોડીયાર અને જુસબ હજીભાઈ હિંગોરાની મદદથી ચંદીગઢથી દારૂ ભરાયો હતો. જીજે ૨૫ એએ ૯૪૨૧ નંબરની કારથી ટ્રકનું પાયલોટિંગ થતું હતું. પોલીસે દારૂ મંગાવનાર બધો ભોળાભાઈ શામળા, દારૂ ભરી આપનાર શખ્સ સહિત સાત લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સ્કૂલ સંચાલક પર ત્રણ શખ્સોનો પથ્થરના ઘા ઝીંકી હુમલો

રાજકોટ:કોઠારિયા મેઈન રોડ પર રહેતા અને વેલનાથ પાર્ક ખોખડદળ નદીના કાંઠે શ્રી એ.કે. વિદ્યાલય ચલાવતા રવિભાઈ દીપકભાઈ ગુજરીયા (ઉ.વ.૩૧)એ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધેલા ગોવિંદ દાદરેચા (રહે. હાલ સાત હનુમાન પાછળ, પીપળીયા ગામ) તથા તેની સાથેના બે અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, ગત તા.૨૬ ના સવારે આશરે ૭ વાગ્યે તેઓ બુલેટ નં. જીજે-૦૩-કેએલ-૦૧૨૮ લઈને સ્કૂલે જઈ રહ્યા હતા.ત્યારે ખોખડદડ નદીના કાચા રસ્તે વાશંગી દાદાના મંદિર પાસે ત્રણેય શખ્સોએ અચાનક જ તેમના પર પથ્થરના ઘા કર્યા હતા. આ દરમિયાન ધેલાના હાથમાં છરી હોવાનું પણ તેમણે જોયું હતું. હુમલાથી બચવા તેઓ બુલેટ લઈને ત્યાંથી નીકળી ગયા હતા. પથ્થર વાગવાથી શરીરે સામાન્ય ઈજા થઈ હતી અને પેન્ટના ખિસ્સામાં રાખેલા મોબાઈલની સ્ક્રીન તૂટી જતાં આશરે રૂ.૧૧૦૦નું નુકસાન થયું હતું. તેમના પિતા દીપકભાઈએ આશરે ૨૦ દિવસ અગાઉ ધેલાભાઈ વિરુદ્ધ રૂ.૩૫ હજારના ચેક રિટર્ન અંગે કોર્ટમાં ફરિયાદ કરી હતી. તેનો ખાર રાખીને હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

રાણપુર ગામે ગોડાઉનમાં કલરકામ કરતા વીજ શોક લાગતા શ્રમિકનું મોત

રાજકોટ:કુવાડવા રોડ પર આવેલા રાણપુર ગામે સંજયભાઈના ગોડાઉનમાં કલરકામની કામગીરી દરમિયાન કરુણ અકસ્માત સર્જાયો હતો. બજરંગવાડી વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષીય રાજેશભાઈ શશીકાંતભાઈ રાવલ (રાજુભાઈ) આજે ૩ નવેમ્બરના બપોરના ૪ વાગ્યે ગોડાઉનમાં કલરકામ કરી રહ્યા હતા ત્યારે અચાનક ઈલેક્ટ્રિક લાઈનને અડી જવાથી તેમને જોરદાર ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. શોક લાગવાથી તેઓ નીચે પટકાયા હતા, જેના કારણે તેમના માથા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં તેમને ત્વરિત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે પોલીસે અકસ્માત મોતની નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કારખાનામાં માલવાહક લિફ્ટ પરથી ફટકાતા સગીરનું મોત

કોઠારીયા વિસ્તારના સ્વાતિ પાર્ક મેઈન રોડ પર ગુરુકૃપા સાફ્રિંટગના કારખાનામાં આજે સવારે ૧૧ વાગ્યાં આસપાસ ૧૩ વર્ષનો મુકેશ સિપાહીભાઈ નિષાદ એક માળ જેટલી ઊંચાઈએથી માલ વાહક લિફ્ટ પરથી પડી જતા નીચે પટકાયો હતો જેમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા ડોક્ટરે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા આજીડેમ પોલીસે પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતક મૂળ ઉત્તરપ્રદેશનો વતની હતો તેનો મોટો ભાઈ અજય અહી કારખાનમાં મજૂરી કરે છે. દિવાળીનો તહેવાર હોવાથી મુકેશ ભાઈ પાસે રોકવા આવ્યો હતો. અજય અને મુકેશ કારખાનામાં ઉપરના માળે રહેતા હતા આજે સવારે તે કરિયાણાનો સામાન લઈ મુકેશ ઉપરના માળે જતો હતો. દરમ્યાન લિફ્ટ પરથી નીચે પટકાયો હતો પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

આર્થિક સંકળામણથી કંટાળી યુવાનનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ખોડીયારનગરમાં રહેતા ૪૦ વર્ષીય વિશ્વજીતગીરી પ્રમોદગીરીએ રાત્રે બે વાગ્યા આસપાસ પોતાના ઘરે એસિડ પી લેતા ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે જાણ થતા માલવીયાનગર પોલીસનો સ્ટાફ આવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક કાસ્ટિંગ કારખાનામાં મજૂરી કામ કરતો હોવાનું સામે આવ્યું છે અને થોડા સમયથી પૈસાની ખેંચ રહેતા આર્થિક ભીસમાં પગલું ભર્યું હોવાનું જણાવતા પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દેશી તમંચા, મેગઝીન સાથે શખ્સ ઝડપાયો

રાજકોટ:રાજકોટ SOG ટીમને બાતમી મળી હતી કે, વાવડીના ગેટ સામે એક શખ્સ હથિયાર સાથે ઉભો છે જેથી દરોડો પાડી યસ ઉર્ફે ઠુંડી રસિક બકરાણીયા (ઉ.વ.૨૧)ને પકડી પાડી તેની પાસેથી એક દેશી બનાવટનો તમંચો અને એક ખાલી મેગઝીન સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં એક દિવસ અગાઉ યસ ઉર્ફે ઠંડીના મિત્રને કોઈ વ્યક્તિ સાથે ઝઘડો થયો હોય જે ઝઘડાનો ખાર રાખી સામેવાળો શખ્સ યસને તેના મિત્ર વિશે પૂછપરછ કરવા માટે આવ્યો હતો ત્યારે તે સામેવાળા શખ્સના નેફામાં હથિયાર જોઈ જતા તે ગેરકાયદેસર હથિયાર યશે ઝૂંટવીને પોતાની પાસે રાખી લીધું હતું. હાલ પોલીસે ગેરકાયદેસર હથિયાર સાથે આવેલ શખ્સની ઓળખ મેળવી તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

પ્લે સ્ટોરમાં એપ અપડેટ કરવા જતાં મોબાઈલ હેક, એક લાખ ઉપડી ગયા!

રાજકોટ : એન્ડ્રોઈડ મોબાઈલમાં પ્લે સ્ટોરમાં એપ અપડેટ કરવા જતાં યુવકનો મોબાઈલ ફોન હેક થઈ ગયા બાદ તેના ખાતામાંથી રૂા. ૯૮ હજાર ઉપડી ગયા હતા. જે અંગે મેટોડા જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ યુપીનો નિરંજન નિશાદ (ઉ.વ.૨૩) મેટોડા જીઆઈડીસી ગેઈટ નં. ૩માં શક્તિ ફોર્જ ઈન્ડસ્ટ્રીઝમાં છેલ્લા ચાર વર્ષથી સીએનસી મશીન ઓપરેટર તરીકે કામ કરે છે. કારખાનાની ઓરડીમાં જ રહે છે. ગઈ તા. ૩૧ના રોજ કંપનીમાં કામ કરતો હતો ત્યારે મોબાઈલના પ્લે સ્ટોરમાં બધી એપ અપડેટ કરવાનું આવતા તેમ કરી મોબાઈલ ખિસ્સામાં મુકી કામે લાગી ગયો હતો.

થોડીવાર બાદ ટાઈમ જોવા માટે મોબાઈલ જોતાં સ્ક્રીન પર નો કમાન્ડ લખેલુ આવ્યું હતું. જેથી હજુ પણ એપ અપડેટ થઈ રહ્યાનું માની કામે લાગી ગયો હતો. થોડીવાર બાદ જોતાં રૂા. ૮૩ હજાર અને રૂા. ૧૫ હજાર યુપીઆઈથી ટ્રાન્સફર થયાના બે મેસેજ આવ્યા હતા. તત્કાળ સુપરવાઈઝર પ્રિતેશને વાત કરતા તેણે ફ્રોડ થયાનું જણાવ્યું હતું.

પરિણામે સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. જેના આધારે મેટોડા જીઆઈડીસી પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લામાં કામ કરતાં શ્રમિકોના મોબાઈલ ફોન હેક કરી ખાતામાંથી પૈસા ઉપાડવાની ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ છે.